શ્રી

कवि दुरगाराम कृत.

નીતિ સાગર.

છપાવી પ્રસિદ્ધ કરનાર
માસ્તર જવેરભાઇ ઉમેદભાઇ પટેલ.
મુકામ નાર તાલુકે પેટલાદ.

અમદાવાદ.

શ્રીજીવન પ્રિન્ટીંગ પ્રેસમાં ત્રીભોવનદાસ કશીભાઈ
બારોટે છાપ્યો.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫

કિમ્મત ચાર આના.

श्री

कवि दुरगाराम कृत.

નીતિ સાગર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

માસ્તર ઝવેરભાઇ ઉમેદભાઇ પટેલ.

મુકામ નાર તાલુકે પેટલાદ.

અમદાવાદ.

ત્રીભુવન પ્રિન્ટીંગ પ્રેસમાં ત્રીભોવનદાસ કશીભાઇ

બારોટે છાપ્યો.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫

કિમ્મત ચાર આના.

અર્પણ પત્રિકા.

પરમ હિતૈષી સદા રા. રા. મેહેરબાન મુરબ્બી
આપા સાહેબ નરશીભાઇ દેશાઈ.

નડિયાદ.

આપ ગુર્જર વિદ્યાની વૃદ્ધિ તથા આર્યોની ચઢતી થતી જો-
વા ઉત્સુક છો, આપ જ્ઞાતા હોઇ સજ્જનની કદર પિ
છાનો છો, ઉત્તમ ગ્રંથકાર તરફ ઉદારાશયરૂપી
આપનો હસ્ત લંબાવો છો, આપનામાં ગંભિરતા,
ઉદારતા, નમ્રતા, મમતા, દયા, નિખાલસ
પણું વગેરે ઉત્તમ ગુણો જોઇ આ નીતિ
સાગર નામનો ગ્રંથ આપ સ્વદેશ હિતે
ચ્છુ અને સ્વજ્ઞાતિ બંધુને અર્પ
ણ કરી કૃતાર્થ થાઉં છું.

હું

આપનો આભારી સેવક

ઝવેરભાઇ ઉમેદભાઈ પટેલ.

ॐ श्री परमात्मने नमः

श्री गणेशाय नमः

નીતિસાગર.

મંગળાચરણ.

દોહરા.

ગૌરી નંદન ગજવદન ગુણુ સાગર ગંભીર;
શુરવીર અતિ ધીર છો સ્વામી કાર્તિક વીર. ૧
સિંદૂર ચર્ચિત શોભતું ઉપવિત છે વળી વ્યાળ;
સિદ્ધિ બુદ્ધિ સુંદરી લક્ષ લાભ બેઉ બાળ. ૨
વિઘ્ન વિદારણુ વિશ્વમાં નર્ક નિવારણુ નાથ;
દુઃખ દુર્ગાશંકર તણું હરીને આલો હાથ. ૩
ભારતી તુજને વંદું છું કરજે કરૂણા માય;
જીવ્હાગ્રે વસજે સદા મનવાંચ્છિત ફળ થાય. ૪
અલ્પ મતિને આળસુ અભિમાની નીરધાર;
કાવ્ય રચ્યાની કલ્પના દીલમાં અપરંપાર. ૫

અમર નામ રે'વા તણો, અંતરમાં અભિલાષ;
તે પૂરણ કરજ્યો પ્રભુ જય જય શ્રી અવિનાશ. ૬
ગરવા ગુર્જર દેશમાં નાર નગ્ર શુભ ઠામ;
ત્યાં કવિ શ્રીગોડ માળવી પાઠક દુરગારામ. ૭

પ્રસ્તાવિક દોહરા.

મુર્ખ રીઝે અજ્ઞાનથી જ્ઞાને જ્ઞાની જંન;
દુરગા અધુરો નવ રીઝે જો કે' પંચવદન; ૧
દુરગા વિધિ રીસાયતો ન કરે હંસ પલાણ;
પણ ગુણ તેની ચાંચનો નથી મટતો નિર્વાણ. ૨
સુર્યકાન્ત જડરૂપ પણ સુર્યથી ભડકો થાય;
ત્યમ દુર્ગા બળવાનથી તેજસ્વી ન છૂપાય. ૩
સરોવરને સિંધુ થકી પાત્રતો તુલ્ય ભરાય;
ત્યમ દુર્ગા ધની રંકથી લાભ નસીબવત થાય. ૪
આગળ દુઃખ થવા તણો કરશે પ્રથમ ઉપચાર;
દુર્ગા તે દુઃખદુર્ગથી કૃપા કરે કીરતાર. ૫
અભણ ગોર નિર્દય પ્રિયા મૂર્ખ મિત્ર ગુરૂ ભ્રષ્ટ;
દુરગા તજવાં ચાર એ તેડ ઘણું ઉત્કૃષ્ટ. ૬
વે'મ તજે હિંમત અતિ તર્ક શક્તિ સુવિચાર;
દુરગા તે પ્રાણી કરે ધાર્યું કામ અપાર. ૭
ક્રોધ શાન્તિથી જીતવો ક્ષમા થકી દુર્જંન;
દુર્ગા ભક્તિ જ્ઞાનથી નિત્ય જીતવું મંન. ૮
પંચ વિષયમાં સ્નેહ ખુબ મન મોકલે ત્યાં જાય;
દુર્ગા તેને વેદના દીન દીન વૃદ્ધિ થાય. ૯

નિશ્ચેરાત કર્યા વિના વચન વદે છે જેહ;
દુરગા તે પાપી ઘણો નિંદા ગણવી એહ. ૧૦
સ્વર્ણ પુષ્પમય પૃથ્વી આ તેમાં ધરી અવતાર;
દુર્ગા ત્રણ લે વાસના કવિ શુરો દાતાર. ૧૧
દુર્ગા ઘૃત જેમ દુધમાં દુધ ગાયની માંય;
ત્યમ નિર્ભય નિશ્ચે રહ્યો જ્ઞાની સંત છે ત્યાંય. ૧૨
અલ્પ લાભને ખોટ બહુ ખોટ લાભ સમતુલ્ય;
દુર્ગા તે કરતાં નહીં અવસર ચુકી અમુલ્ય. ૧૩
મલીન વસ્ત્ર નવ પેરીએ અતિ કરવો નહીં આહાર;
દુર્ગા મીઠું બોલીએ જ્યમ રીઝે કીરતાર. ૧૪
દુર્જન સજ્જન નવ બને કરતાં કોડ ઉપાય;
દુર્ગા કરા કેરા ધુવો શુદ્ધ પવિત્ર ન થાય. ૧૫
બુદ્ધિબળ મોટું ગણો જેથી સૌ છતાય;
દુર્ગા બળીયો કેસરી જંબુકથી છેતરાય. ૧૬
જ્યાં સુધી પ્રભુતા નવ લહી ત્યાં સુધી પ્રેમ ન થાય;
દુર્ગા જ્યમ મોતીતણી ભીલ ગુંજા ને ચ્હાય. ૧૭
બહુ માણસને આશરે બળીયો પણ જીતાય;
દુર્ગા જ્યમ તૃણ છાજથી વૃષ્ટિ ધાર ધરાય. ૧૮
મુક્ત રહે માયા વિષે તદપિ નવ લેપાય;
દુર્ગા જ્યમ વારિ થકી વારીજ નવ કહેવાય. ૧૯
દુર્જન કેરે આશરે જીતાશે દુર્જન;
દુર્ગા જ્યમ હાથા વડે કોઢી કાપે વંન. ૨૦
લક્ષ્મિને વિદ્યા દયા ન સજો એવું અંન;

દુરગા એટલું સંધરી કરવું પુન્ય ભજંન. ૨૧
વિવેકીને ગુણ જો મળે તો તે અતિ ફેલાય;
દુર્ગા જ્યમ સોના વિષે રત્ન ઘણું શોભાય. ૨૨
આવે જે કોઇ આંગણે શત્રુ મિત્ર કોઈ જંન;
દુર્ગા તેને માન દઇ વદવું પ્રિય વચંન. ૨૩
નમ્રપણું વિદ્યા દયા જ્ઞાન કળા તપ દાન;
દુર્ગા તે જેમાં નથી તે જન ઢોર સમાન. ૨૪
અજ્ઞાની પાપી અને અભિમાની જન હોય;
દુર્ગા ત્યાં નવ બોલીએ મોઢું દેખીએ તોય. ૨૫
નીચ જગોએ બેસતાં લંપટ નવ શરમાય;
દુર્ગા જ્યમ સૌ દેખતાં શ્વાન હાડકું ખાય. ૨૬
દુર્ગા ગિરિને વન વિષે વાંદરનો શુભ સ્નેહ;
તેથી ખોટી સ્વર્ગમાં મૂર્ખ સંગતી તેહ. ૨૭
દુર્ગા કુળમાં સંપ કર દયા સર્વની માંય;
ક્ષમા ગુરૂને નીચથી કપટ ત્રિયા શઠ ત્યાંય. ૨૮
તેજસ્વીથી નમ્રતા ગર્જ ગુણુની રાખ;
દુર્ગા દૈવી જીવને સત્ય વચન તું ભાખ. ૨૯
કરગરવું નહિ કોઇ દીન નિર્દયને નિરધાર;
દુર્ગા કશું નવ માગીએ જ્યાં કચરપી નરનાર. ૩૦
ત્રણ હત્યાને વેર એ નવ છોડે કોઇ દીન;
દુર્ગા તે કરવાં નહિ જાયઃદી જો તંન. ૩૧
લોભ એજ અવગુણ અતિ ચાડી તે ખુબ પાપ;
દુર્ગા અપજશ મૃત્યું છે તૃષ્ણા તે અતિ તાપ. ૩૨

દુર્ગા ભૂષણ આબરૂ સદ્વિદ્યા ભંડાર;
સત્ય વચન તે તપ ખરૂં શાન્તિ લક્ષણી નાર. ૩૩
દુર્ગા દુઃખ હોય અનંતનું વળી ઝાઝી પીડાય;
તોપણ નવ કરીએ કદી નીચ તણી સેવાય. ૩૪
કીર્તિ ભોગને નાશ એ સર્વે દ્રવ્યે થાય;
દુર્ગા ગતિને અવગતિ એ પણ દ્રવ્યે પમાય. ૩૫
નિંદકને નિર્દય અતિ વ્યભિચારી હોય જેહ;
નાસ્તિક તસ્કર આકરો દુર્ગા દુર્જન તેહ. ૩૬
ક્ષમા સમો ઉપદેશ નહિ ક્રોધ જેવો નહિ દુષ્ટ;
દુર્ગા દુર્જન વિષ અતિ મિત્ર સમો નહિ તુષ્ટ. ૩૭
દુષ્ટ વચન અગ્નિ ઘણો જાગવું તૃણથી નીચ;
દુર્ગા ગુણ શુભ નમ્રતા પાપ સમો નહિ કીચ ૩૮
માત પિતાને પાળશે એજ પુત્ર નિરધાર,
દુરગા જ્ઞાની મિત્ર છે હિત ઇચ્છે તે નાર, ૩૯
દાન થકી કર શોભશે પર ઉપકારે દેહ;
દુર્ગા મુખ શુભ વાક્યથી વાક્ય સત્યથી તેહ. ૪૦
સૂર્ય તિમિરને ટાળશે મેઘ હણેજ દુકાળ;
દુરગા ત્યમ સજ્જન સદા પરમાર્થી પ્રતિપાળ. ૪૧
દુધનું સ્નેહી જળ બળે તેથી તે ઉભરાય;
ત્યમ સ્નેહીના દુઃખથી દુર્ગા દીલ દુભાય. ૪૨
મૂર્ખ મિત્ર વ્યસની વળી ક્રોધી પ્રપંચી નાર;
દુર્ગા એટલાંને મુખે સત્ય વદો નહીં સાર. ૪૩
શરણ રહે સાચું વદે આજ્ઞા પાળે જેહ;

દુરગા તેને નવ તજે જાય કદી જો દેહ. ૪૪
અગ્નિ દેવ પિત્રી ગુરૂ સંન્યાસી માબાપ;
એટલાંને પુજ્યા થકી દુરગા બળાશે પાપ. ૪૫
વેર અતિ વેંચી ઘણો પરનારી સું નેહ;
દુરગા ત્રણુ નિંદ્રા તજે એમાં નહિ સંદેહ. ૪૬
વેંમ તજે હિંમત અતિ તર્ક શક્તિ સુવિચાર;
દુરગા તે પ્રાણી કરે ધાર્યું કામ અપાર. ૪૭
હોર ખેતીને ચાકરી અબળાને વિદાય;
દુરગા અવસર ચુકતાં સરવે નિષ્ફળ થાય. ૪૮
દુરગા દુઃખ જ્યારે કર્યું તે જગરાથી જાય;
સુર્ય અવનીને સુકતે ગેંચે લીલી થાય. ૪૯
ગુન્હા તુલ્ય શિક્ષા કરે ક્ષમા રહે નિરધાર;
દુરગા એ અધિકારીની સતકીર્તિ રહે સાર. ૫૦
બરોબરીઆસું કીજએ રાઢ મસકરી સ્નેહ;
કે' દુરગાશંકર કવિ સત્યથી માનજો એહ. ૫૧
અનળ રાય જમ ભામની જાચકને સોનાર;
દુર્ગા નિર્દય એટલાં વળી ચાડી કરનાર. ૫૨
ગુણ કેડે ગુણ જે કરે તે બદલો કહેવાય;
અવગુણ કેડે ગુણ કરે દુર્ગા એ તો ન્યાય. ૫૩
પાકો સ્નેહ થયા વિના મન ઇચ્છિત કે' જેહ;
દુર્ગા તેમાં સ્વાદ નહિ સ્નેહ રહે નહી તેહ. ૫૪
સ્નેહ સ્વાર્થનું મૂળ છે સ્વાર્થે સ્નેહ કરાય;
દુર્ગા તેમાં ધર્મને જાળવવો એ ન્યાય. ૫૫

સુરાપાનની કેફથી ઘડીએ સાવધ થાય;
દુર્ગા મદ મોહ કેફથી નિશ્ચે મોત પમાય. ૫૬
પાપી મિત્ર કર્યા થકી આવે દુખ અપાર;
દુર્ગા અરધા ભાગનું પાપ નડે નિરધાર. ૫૭
બહુ ભાષણ કરવા થકી કોઇ વખતે ભુલાય;
દુર્ગા લાભ જતો રહે ઉલટો અનરથ થાય. ૫૮
વ્યસની જોડે વારતા નિમિત વિનાનો કલેશ;
દુર્ગા તે કરીએ નહિ વળી ઝાઝાંસું દ્વેષ. ૫૯
યજ્ઞ દાન તપને દયા સત્ય ક્ષમા આચાર;
દુર્ગા સેવા સંતની ધર્મ પંથ એ સાર. ૬૦
મર્મ ભેદ વાણી વદે નબળી દ્રષ્ટે જોય;
દુર્ગા પાડે રંકને તે અતિ પાપી હોય. ૬૧
પાપ દ્રવ્યથી પાપને છાનું રાખવા ચ્હાય;
દુર્ગા તેતો નવ રહે જાહેર થઇ ફેલાય. ૬૨
અરથીનું કુળ જોવું નહિ શક્તિવાનનાં કર્મ;
દુરગા સ્ત્રીની સત્યતા જોવી નહિ એ ધર્મ. ૬૩
દ્રઢતાથી સાધન કરે જગમાં જે નરનાર;
દુરગા તેને વશ થશે દેવ મનુજ કિરતાર. ૬૪
પરમારથમાં સ્નેહ છે સત્ય વદે નિરધાર;
દુરગા વશ સૌ ઇંદ્રીઓતે ઉત્તમ નરનાર. ૬૫
મિથ્યા મીઠું બોલશે ગર્વ થકી દે દાન;
દુરગા સ્વાર્થ વિષે કુશળ તે મધ્યમ અતિ માન. ૬૬
દુષ્ટ મિત્ર કૃતિ દુષ્ટ છે નિંદાની કરે વાત;

દુરગા નહિ શ્રેષ્વા દીસે તે નીચો સાક્ષાત. ૬૭
ધ્રષ્ટ મિત્રને જે ઠગે ગુણવીસરી દે આંચ;
દુરગા તેના માંસમાં કાગ ભરે નહિ ચાંચ. ૬૮
દ્વીજ સાધુ સુરભી ત્રિયા ગુરૂ રાજા ને દેવ;
દુરગા નડતાં તેહને મૃત્યુ થશે તતખેવ. ૬૯
સર્વ વસ્તુને જાળવે વળી પાળે આજ્ઞાય;
દુરગા એ કિંકર કદી નવ તજવો એ ન્યાય. ૭૦
આજ્ઞાથી ઉલટું કરે વળી જેને બહુ માન;
દુરગા તે સેવક તજો તેથી સુખ નિદાન. ૭૧
વેંમીને વિશ્વાસ નહિ પુરૂષાર્થ હિન હોય;
દુરગા ત્યાં નવ બેસવું લાભ જાણુએ તોય. ૭૨
બહુ જણ કે' માનો કહ્યું તે ખોટું સમજાય;
તો દુરગા કંઈ જુકિતથી ત્યાંથી જવું એ ન્યાય. ૭૩
દુરગા રાજા દીકરો કિંકર ને સ્ત્રી સંત;
દ્રવ્ય ધીરો નહિ એહને લાભ લેવા ગુણવંત. ૭૪
સમય વાત સમજ્યા વિના બોલે સાચો બોલ;
દુરગા ગુરૂ જેવો હશે તોપણ ઘટશે તોલ. ૭૫
દ્રવ્ય રૂપ વિદ્યા ઘણી પણ બુદ્ધિ નવ હોય;
દુરગા તેની મિત્રતા કરશો નહિ જન કોય. ૭૬
દુરગા છાની વાતમાં જવું નથથી દૂર;
વળી જોવી એકાંતતા ભય રાખી ભરપૂર. ૭૭
નરમાં નાપિક ધુર્ત છે સ્ત્રીમાં માળણ સાર;
દુરગા જંબુક ઢોરમાં ખગમાં વળી ખાનાર. ૭૮

જ્ઞાન રૂપી લોચન થકી તત્ત્વ બધું સમજાય;
દુરગા જેમ દુર્બીનથી દુર નજીક દરશાય. ૭૯
મન મેલું છે જેહનું તેનો દોષ ન જાય;
દુરગા જેમ અમૃત થકી મદ્ય પવિત્ર ન થાય. ૮૦
સર્વ પુરૂષ સાધુ નહિ સર્વ સતી નહિ નાર;
દુરગા જ્યમ સૌ વનમાં નહિ ચદન નિરધાર ૮૧
શ્રધ્ધાથી દે દાન જે તેતો નિશ્ચે પમાય;
દુરગા જ્યમ જળ સિંધુનું વરસી તેમાં જાય. ૮૨
ઔષધ નાર કુભારજા રાનવું ઢોર ગુલામ,
એટલાં વાટ્યે ગુણ કરે કહે કવિ દુરગારામ. ૮૩
સર્વ કળાને શીખવી તે અભ્યાસે થાય;
દુરગા જેમ ટીપે ટીપે સરોવર સે'જ ભરાય. ૮૪
સુંદરીને સોના થકી ત્રણ લોક લોભાય;
દુરગા તેને જે તજે તે બીજો વૃજરાય. ૮૫
રાજા પાપી હોય તો પ્રજા કરે અન્યાય;
દુરગા જ્યમ ગુરૂ ભ્રષ્ટથી શિષ્ય અધર્મિ થાય. ૮૬
કથા વિષે અતિ દર્દમાં મનુષ્ય મુએ મતિ હોય;
દુરગા તેવી નિત્ય રે' તો બુડે નહિ કોય. ૮૭
દુરગા ત્રણ નિષ્ફળ સદા અધુરો ભણવો ગ્રંથ;
કાર્ય થયા વિણ બોલવું જાવું અજાણે પંથ. ૮૮
સર્વ વાતને સાંભળી લેવો તત્ત્વ વિચાર;
દુરગા જ્યમ જળ દુધથી હંસ ગ્રહે પય સાર, ૮૯
સદ્ ખરચે શુભ કુળ રહે સત્ય થકી રે' સ્નેહ;

દુરગા જ્યમ ગુરૂ જ્ઞાનથી નિર્મળ રે' મન દેહ. ૫૦
જોબનને મુક્તિ તણું મોટું કારણ મંન;
દુરગા જ્યમ જીવે મરે જેવું કરે ભોજંન. ૫૧
કામ ક્રોધને સ્વાદ સૌ નિંદ્રાને અતિ અહાર;
દુરગા તજવો લોભએ વિદ્યાર્થીને સાર. ૫૨
એક જોડે વાતો કરે બીજે નિરખે સાર;
દુરગા ત્રીજે ચિંતવે કવિ તસ્કર કુનાર. ૫૩

રાજાનાં લક્ષણ. મનહર છંદ.

શાસ્ત્રનો ભણેલો અને ઉદારતા બુધ્ધિ વાળો.
કળાએ કુશળ તેવો દયાળુ સ્વભાવથી;
પ્રજા દુઃખ પામે નહી તેવો લે પોતાનો કર,
શામાદિ ઉપાયો કરે કાર્યના બનાવથી;
સંધિ અને વિગ્રહની નીતિમાં પ્રવિણ અતિ,
શત્રુઓનાં શોધે છિદ્ર તેતો નિત્ય દાવથી;
દુરગાશંકર કહે રાજાનાં લક્ષણ એહ,
હમેશ કવિને પાળે કાવ્યના ઠરાવથી. ૧

સમય તપાસી કરે સ્મૃતિને આધારે ન્યાય,
ઇંદ્રિઓને રાખે વશ ગુરૂ સેવા આચરે;
દરેક ઠેકાણે જવું તેનો ટેમ ચુકે નહિ,
વ્યસન તજે છે ખોટું સાવચેતીથી ફરે;
દેવનાં મંદીર અને સદાવ્રત વિદ્યાશાળા,
તેમાં દ્રવ્ય વાપરે ને અનીતિ થકી ડરે;

દુરગાશંકર કહે આટલાં લક્ષણ હોય,
તેને મહારાજા સત્ય જાણજો સહુ ખરે. ૨

પ્રધાનનાં લક્ષણ. મનહરછંદ.

સત્યનો આગ્રહી અને સ્વદેશાભિમાની ખરો,
તેવો ન્યાય કરવામાં નીપુણ ગણાય છે;
ઉત્સાહી પ્રતાપી અને સમયને જાણનારો,
રોગથી રહિત વપુ દયાળુ કે'વાય છે;
તકરારી કામો તેને ત્વરા થકી પાર પાડે,
પ્રજાનો પોકાર સુણી ઝટ પાસે જાય છે;
દુરગાશંકર કહે પ્રધાનનાં ચિન્હ એહ,
એવા સચીવોથી રૂડું ભૂપતીનું થાય છે.

પોલીસનાં લક્ષણ. મનહરછંદ.

ગભરાવી પૂછવું ને તેવો ત્રાસ દેવો ખુબ,
ખોટી ગાળો ભાંડવી ને ગુપ્ત માર મારવો;
સમયે કરવો સ્નેહ પટાવીને પૂછી લેવું,
મૂકવો આરોપ અને વખત વિચારવો;
ફાવે તેવો વેશ લેઇ લોકોની સુણવી વાત,
વળી લાંચ આપે તેહ પ્રાણીને ઉગારવો;
દુરગાશંકર કહે પોલીસનાં ચિન્હ એહ,
તેથી છેટા રે'વું કદી સ્નેહ ન વધારવો. ૧
લાલચ આપે ને વળી જુસ્સાભેર બોલે વાણી,
કરે કામ ફારફેર સાવચેતીથી રહે;

ચાડીઆને ચોર તેનો હમેશ મેળાપ રાખે,
સગે સુખ ભોગવે ને સમે દુખતો સહે;
તેવી રીતે ઉપરીની મરજી પ્રમાણે ચાલે,
જુબાની લીધા પછીથી ખરી કે ખોટી લહે;
દુરગાશંકર કહે પોલીસનાં ચિન્હ એહ,
તેથી છેટા રે'વું એવું કોવીદ સહુ કહે. ૨

દંભીનાં લક્ષણ. મનહરછંદ.

ત્યાગી જેવો ધરે વેશ તિલક રૂપાળુ કરે,
વેદાન્તની વાતો કહી પ્રાણીઓને રીઝવે;
આચાર પાળે અત્યંત જીતેંદ્રિપણું દેખાડે,
તેવો સત્ય રીતે ચાલે વસ્તુ લેવે આપવે;
પુન્યમાં આગળ થાય તિરથમાં ન્હાવા જાય,
વળી મીઠું મીઠું બોલી ક્ષમા સર્સ જાળવે;
દુરગાશંકર કહે દંભીમાં અનેક ચિન્હ,
આંખો મીચે હાલે નહી ધ્યાન માંહી બેસવે. ૧
જ્ઞાનીતાથી છેટા રહે અજ્ઞાનીનો ગુરૂ થાય,
કુટુંબમાં રાખે દ્વેષ અન્યસું પ્રીતી કરે;
વિવિધ પ્રકાર તણી કળામાં કુશળ અતી,
અંતરમાં પાપ અને મુખે શુભ ઓચરે;
ચપળ દ્રષ્ટિથી જુએ વળી આંસુ લાવી રૂએ,
ખોટા સમ ખાય અને માળાઓ ઘાલી ફરે;
દુરગાશંકર કહે દંભીનો વિશ્વાસ નહી,

સારો ડોળ દેખાડીને દ્રવ્ય લોકનું હરે.

વ્યસનીનાં લક્ષણ   મનહરછંદ.

વ્યસની વ્યસન તણી તારીફ કરે છે બહુ,
તેવો મોટા પુરૂષનો દાખલો તે આપશે;
તેવી રીતે શક્તિ આદી દેવ તણો ભક્ત થાય,
મદ્યનું નૈવેદ્ય ધરે તેમાં મોક્ષ આપશે;
સામા તણો સ્નેહ કરી વ્યસન ચઢાવે તેને,
એવું કોઇ સમે વેણુ બોલેલું ઉથાપશે;
દુરગાશંકર કહે વ્યસની વિચાર તજે,
દીવો દેખે તેમ તેને કેફ ઘણી વ્યાપશે. ૧
સ્વાદિષ્ટ ખાવાનું ખોળે સ્ત્રીઓને સ્વાધિન થાય,
નવા નવા મિત્ર કરે મોઢે જુઠું બોલશે;
કોઇ સમે ચોરી કરે બિભત્સ વદે વચંન,
ખોટા સમ ખાય અને બેઠો બેઠો ડોલશે;
જ્યાંસુધી વ્યસન તણી નીશા આવી હોય નહિ,
ત્યાં સુધી અશક્ત રહે આંખો ઘણી ચોળશે.
દુરગાશંકર કહે વ્યસનીનાં ચિન્હ એહ,
વારે વારે ખાય લાંચ ખોટો ન્યાય તોળશે. ૨

લોભીનાં લક્ષણ.   મનહરછંદ.

ઓછું દેછે ઝાઝું લેછે ગણતાં ભૂલાવે વળી,
તેવી જુઠી વાણી તેતો વારે વારે ઓચરે;
કોઇ સમે પ્રીતી જોડે કોઇ સમે શત્રુ થાય,

કોઇ સમે દીકરોને બાપતો થશે ખરે;
કોઇ સમે ગાંડાં કાઢે કોઇ સમે સત્ય બોલે,
કોઇ સમે દ્રવ્ય માટે પ્રાણ પારકા હરે;
દુરગાશંકર કહે લોભીનાં લક્ષણ એહ,
સમે લાજ છોડે અને સમે લાજ તો ધરે. ૧
ખોટી સાખ પૂરે અને સૌર્યતા દેખાડે અતિ,
તેવી રીતે યુધ્ધ દેખી છેટે નાશી જાય છે;
ધર્મ તણી ટીપ જોઈ દીલમાં દુભાય ઘણો,
વિચારી કહીશ એવું કહીને પળાય છે;
ધર્મના સોગન ખાય દુષ્ટ તણા ગુણ ગાય,
મિથ્યા કલેશ કરે અને ન ખાવાનું ખાય છે;
દુરગાશંકર કહે લોભી તજે સ્વાદ સુખ,
ભરોંસામાં ભોળવે ને અતી અથડાય છે. ૨
નિંદા થકી નવ ડરે હમેશ મલીન ફરે,
તે પ્રમાણે કોઈ સમે ગાળો માર ખાય છે;
વરો ઘેર આવે ત્યારે સોંઘી વસ્તુ શોધી લાવે,
થોડું ખર્ચકરીને તે ફોકટ ફુલાય છે;
કલ્પિત દ્રષ્ટાંતો કહી મુઢનાં મનાવે મન,
પ્રેમદાને મોઢે ગપ્પાં મારી રાજી થાય છે;
દુરગાશંકર કહે લોભીનાં લક્ષણ એહ,
તેથી છેટા રેવું એવો નીતિ તણો ન્યાય છે;

મુરખનાં લક્ષણ. **મનહર છંદ.**

ખોટે રસ્તે ખર્ચે દ્રવ્ય બીજાનું ઇચ્છે અશુભ,
સારા મિત્ર તણો સ્નેહ તોડી રાજી થાય છે;
ગુપ્ત વાત કહે વળી સત કર્મ કરે ત્યાગ,
વે'મીને વિશેષ લોભી મંનમાં મુઝાય છે.
મળવી મુશ્કેલ એવી વસ્તુઓની ધરે આશ,
નીચનો આશ્રય કરી તેને ઘેર જાય છે;
દુરગાશંકર કહે આટલે લક્ષણે કરી,
વિદ્યા વાળો હોય તોય મુરખ કે'વાય છે.

ભુવાનાં લક્ષણ. **મનહર છંદ.**

હાણા જોઇ વે'મ ઘાલે બાધાને આખડી આપે,
તેવો ધુણીને ધુણાવે ખોટા સમ ખાય છે;
પાણી મંત્રે લીંબુ કાપે દોરાને તાવીત બાંધે,
ઉતાર વળાવે અને શરીરે ધ્રુજાય છે.
એવું તંત્ર ખેલે વળી આશ્ચર્ય દેખાડે અતિ,
પૂતળું બનાવી પછી દાટવાને જાય છે;
દુરગાશંકર કહે ભુવાનાં લક્ષણ એહ,
ભોળાંને ભોળવે વળી છેતરી રીસાય છે.

જુગારીનાં લક્ષણ. **મનહર છંદ.**

પે'લો પોતે હારે અને સામાને જીતાડે વળી,
બનાવટી પાસા રાખે નમ્ર ઘણો થાય છે,
માંઝારી મુખક તેને પાળે પ્રેમ આણી અતી,

જેણે કરી દીવો તેતો ઝાંખો બની જાય છે,
તથાપિ શસ્તો કરે બાજીને ગંજીફે રમે,
એકી બેકી કળા જાણે ખોટા સમ ખાય છે;
દુરગાશંકર કહે જુગારીનાં ચિન્હ એહ,
સિદ્ધને સાધક થઇ દ્રવ્ય લુંટી જાય છે. ૧
અધિકારી પુરૂષોને પ્રથમ મળીને રહે,
સમે જૂઠું બોલે અને સમે સાચો થાય છે;
વારે વારે ચીપે પાસા લડે માંહોમાંહી ઘણું,
વળી કોઇ સમે દોટ મૂકી નાશી જાય છે;
ફેરે ફેરે હારે તોય રમવાનું છોડે નહિ,
અફીણ તમાકુ દારૂ ગાંજો ભાંગ ખાય છે;
દુરગાશંકર કહે જુગારીનાં ચિન્હ એહ,
તેથી છેટા રે'વું એવો નીતિ તણો ન્યાય છે. ૨

મદોન્મત્તનાં લક્ષણ. મનહરછંદ.

આંખો લાલચોળ રહે મુખથી ઉચ્ચારે ગાળ,
તેવો સામા તણું કષ્ટ દેખી હરખાય છે;
અનીતિથી ડરે નહિ વ્યસન તમામ કરે,
વિદ્વાનનું ભુંડું બોલે વળી સામો થાય છે.
વારે વારે માર ખાય તથાપિ કરે અન્યાય,
ખોટે રસ્તે ખર્ચે ધન ના ખાવાનુ ખાય છે;
દુરગાશંકર કહે ઉન્મત્તનાં ચિન્હ એહ,
કોઇને ગણતો નથી ગર્વમાં કુદાય છે.

કવિનાં લક્ષણ. મનહર છંદ.

ગિર્વાણ આદિ લેઇને ભાષાઓ પીંગળ ન્યાય,
અનુભવ તર્ક રસ અલંકાર જાણશે;
ઘણા ગ્રંથ વાંચે સુણે સંગીત સઘળું લહે,
સમો સાચવે ને શિક્ષા દેખે તે વખાણશે.
ઘણાનું થોડું કરે છે થોડામાં ઘણું સમાવે,
તેવી નામાવળી જાણે પ્રભુને પ્રમાણશે;
દુરગાશંકર કહે કવિનાં લક્ષણ એહ,
લાપિકા અન્યોકિત એ તો કાવ્ય માંહી આણશે.

ખરા વૈદનાં લક્ષણ. મનહર છંદ.

નાડી ચેરા મુત્રમળ તેહની પરીક્ષા કરે,
તથાપિ નિદાન અને કાળ જ્ઞાન જાણશે;
વળી ઔષધીના સઉ દોષો અને ગુણ લહે,
સાધ્યાસાધ્ય જાણે રોગ દયા દિલ આણશે.
રોગી તણું ગજુ અને ઋતુનો તપાસે ભેદ,
ધાતુઓ ને મારી શકે રસાયણો નાંણશે;
દુરગાશંકર કહે વૈદનાં લક્ષણ એક,
મોઢે વાત કે'વા થકી રોગને પ્રમાણશે.

કળીયુગના નઠારા વૈદનાં લક્ષણ. ભુજંગી છંદ.

ભુજંગી વૃતે વર્ણવી છંદ ગૌશું,
કળીકાળના વૈદની વાત કૈ'શું;
ઝાલે કોથળીને ચટક ચાલ ચાલે,

ફરે ગામમાં ને ઘણું મન માલે. ૧
અહી નાડીને દર્દીને દર્દી પૂછે,
કહો તમ તણા દેહમાં દર્દ શું છે;
પછી દુઃખ મુખે વદે સર્વ જ્યારે,
ત્યારે વૈદ તો તર્ત ભડકાવી મારે. ૨
કહે રોગીને રોગ અત્યંત જામ્યો,
મળ્યો નહી મને શે મહા દુઃખ પામ્યો;
હવે તું દવા લે વસુ એક આપી,
તારૂં કષ્ટ તો તર્ત નાંખું હું કાપી. ૩
પછી રોગ વરત્યા વિના આપે ગોળી,
દૂખે નહિ ઘણી તે દીવાળી ને હોળી;
મરે ના કદી તો વધે રોગ ભારી,
રસાયણ ફુટે દેહમાં દુઃખ કારી. ૪
માટે વણ ભણ્યો વૈદ જે ગોળીવાળો,
દવા તે તણી ખાવી નહિ કોઇ કાળે;
ચતુર વૈદને ચોગણું દ્રવ્ય દેવું,
શ્રધ્ધા રાખીને ઔષધ તેનું લેવું. ૫
વળી વૈદને નાડી જોવી તપાસી,
જેવી વર્ણ તેવી દવા દેવી ખાસી;
પ્રપંચી ખળોને ન ઔષધ દેવું,
દેવું તો તેનું દામ આગેથી લેવું. ૬
કે'વત છે જુની વૃધ્ધની કેવી સારી,
વીતે ગર્જ કે ત્યાં થશે વૈદ વે'રી;
ભુવા શેવડા ચોગીને વૈદરાય,

કરે એકઠા સૌ તણા તો ઉપાય. ૭
પડયો ફેર કોના થકી તે ન સુઝે,
માગે દક્ષણા સૌ ત્યારે દેહ ધ્રુજે;
પછી બોલે વાંકું મટયું નહી હજુ કંઇ,
તાવિત નાંખ્યું છોડી દવા લ્યોને આ રહી. ૮
જેવા વૈદ જુઠા તેવું જકત થાય,
જેવું જકત તેવા બન્યા વૈદરાય;
દુર્ગારામ કે'છે કળી કાળ જેવો,
સમય કાળ સરવે પ્રવર્તોજ એવો. ૯

ચોરનાં લક્ષણ. ભુજંગીછંદ.

ફરે રાત્રીએ ને પે'રે વસ્ત્ર સ્યામ,
રાખે શસ્ત્ર છાનાં ધરે ધૈર્ય હામ;
તેવી શાણુસી કર્વતી આદિ સાર,
ગણેશીયું અને કુંચીઓ નીરધાર. ૧
વળી હીરની જે નીસરણી કે'વાય,
પ્રબળ પાટલા ઘો જેનાથી ચઢાય;
તેને ચોરી કરવા જતાં રાખે પાસે,
ડરે ના વળી ભુપતી કેરા ત્રાસે. ૨
ચપળ દ્રષ્ટિ રાખી જુએ ચારે પાસ,
શુકન આવતાં સંચરે છે પ્રકાશ;
પશુ પક્ષિ ભાષા કેરું જાણે જ્ઞાન,
સમે બોલશે શબ્દ તેવો નિદાન. ૩
નીદ્રા મુકવાનો લહે છે પ્રકાર,

તેવું નેત્ર અંજન આંજેજ સાર;
પીએ દુધ માંઝારીનું દુષ્ટ એવું,
જેથી સુઝશે રાત્રીએ દીન જેવું. ૪
ધરે નવ નવા વેશ તો નિરધાર,
સજે સુંદરીના વળી શણગાર;
રાખે ગુપ્ત સ્થાને પોતાનો નિવાસ,
ફોડે ચાકરોને દેઈ દ્રવ્ય આશ. ૫
કરે માલણી નારીનું ઓળખાણુ,
જેથી સહુ વાતો જાણે નીરવાણુ;
કાઢે નગ્રમાંહી ફરીને નિદાન,
જુએ ચોરી કરવાતણું શુભ સ્થાન. ૬
ગણી કુંચીઓને નત્રેગુંજ જેહ,
રાખે ધ્યાનમાં સર્વદા આણી સ્નેહ;
દીવો દુર ઉભા રહી કરવો નાશ,
તેવો કોઈ ઠેકાણે પાવો પ્રકાશ. ૭
તેનાં સાધનો સર્વ તે પાસે રાખે,
સાથી વાસ્તા કોઇને નવ ભાખે;
પછી રાત્રીએ કોચશે જેહ ધામ,
ગોળાકાર બારૂ પડે તેહ ઠામ. ૮
ધાલે ચર્ણુ પેહલા તેમાં દુષ્ટ કર્મી
બીજો તાડખું ત્યાં રહે જે અધર્મી;
કદી માથું ઘાલે વીવરમાં તે દીશ,
તોતો લોહની તાવડી બાંધે શીસ. ૯

પેશી ધામમાં ને કરેછે વિચાર,
પછી દ્વાર વાસેલું ઉઘાડે સાર;
તેવો જાગતા ઉંઘતા કેરો મર્મ,
જુએ કાંકરી મારીને દુષ્ટ કર્મ. ૧૦
એવી રીતથી સર્વ સાધી પ્રપંચ,
તોડે તાળુ ને ખોળી કાઢેજ સંચ;
એવામાં કદી ઘર ધણી જાગે સાર,
ત્યારે નાસવાનો કરેછે વિચાર. ૧૧
તેમાં દૈવયોગે કદી અંતરાય,
તોતે મૂકી પડતું અને નાશી જાય;
કૂદે વાડ વંઢા ત્વરાથી વિશાળ,
ઝાલે કોઇતો તેતણો આણ્યુ કાળ. ૧૨
તથાપિ વળી જો પોતે પકડાય,
ત્યારે જાણી જોઈ અને ગાંડો થાય;
પૂછે કાંઈ ત્યારે બોલે કાંઇ ત્યાંય,
સહે માર તેવો પડે કેદ માંય. ૧૩
ત્યાંથી છુટવાનો કરે ખેલ ભાવે,
તોડી હેડ બેડી અને નાશી આવે;
વળી ચોરીને આણેલું દ્રવ્ય જેહ,
થોડે થોડે કાઢી વટાવેછે તેહ. ૧૪
ન જાણે તેને ભૂપતિ કોઇ કાળ,
એવી જુક્તિથી વેચશે સર્વ માલ;
દુર્ગારામ કે' ચોરનાં ચિન્હ એહ,

તેથી છેટા રે'વું તજી તેનો સ્નેહ. ૧૫

ધુતારાનાં લક્ષણ. ભુજંગી છંદ.

સુણો સજ્જનો એક ચિત્તે આ વાર,
ધુતારા તણાં લક્ષણો નીરધાર;
જેથી વે'મને કષ્ટ છેટાં પળાય,
વળી દીલમાં ખૂબ આનંદ થાય. ૧
વશીકર્ણ વાળા ઉપાયોજ જેહ,
શીખે સર્વદા ધુર્ત તો પ્રાણી તેહ;
સમે ત્યાગી થાય ચોળે ભસ્મ અંગ,
સમે કામીની સું રમે ખુબ રંગ. ૨
ખાવાની તેવી વસ્તુઓ કેફવાળી,
તેને સંઘરે છે દયા દીલ ટાળી;
તેનું વૈદ્ય જાણી અતી ડોળ દાખે,
રસાયણ અને ઝેર તો પાસે રાખે. ૩
કાઢે ટીપણું ને જુએ છે દશાય,
ગણે આંગળીના વેઢા તે તદાય;
પછી વે'મ ઘાલે મહા મોટા સાર,
જેથી પ્રાણીને જંપ નાવે લગાર. ૪
કાઢે ચિત્ર સારૂં ભણે મંત્ર ભાવે,
દેઇ ધુપને દર્દીઓને ધુણાવે;
જાણે હસ્ત રેખા તણો જે વિચાર,
ભણે કોકશાસ્ત્રાદિ સર્વે પ્રકાર. ૫
પેખી પ્રાણીના મુખનું તેજ રંગ,

પછી વારતા મનની કે અભંગ;
રમળ ખેલથી તેમ સૌને ભમાવે ૬
આપે આખડીને અતી લલચાવે.
મીઠું મીઠું બોલી અને મિત્ર થાય,
વીણા નાદથી રાગ શ્રંગાર ગાય;
પ્રથમ વારતા પુછીને જાણુ થાશે,
પછી પ્રશ્ન મૂકાવીને કે' ઉલ્લાસે. ૭
બીજી તો વળી ખુબ કલ્પિત વાત,
કહેછે ઘણા પ્રાણીઓને સાક્ષાત;
તેમાં કોઇને મળતી આવેજ સાર,
ત્યારે તેહને છેતરે નીરધાર. ૮
દોરા ચિઠીઓને લખી આપે જંત્ર,
તેવો પાઠ પુજા તણો કે'છે તંત્ર;
બોલે ટોળને સે'જ વાતે હસાવે,
ઘણો જ્ઞાનીપું એમ ત્યાં દરશાવે. ૯
દ્રષ્ટિબંધ આદિ કહી જે ક્રિયાય,
તેને જાણીને ચાળવે હસ્ત પાય;
સાધે દેવ મેલા થશે લાલબઇ,
લાવે દૂરની વસ્તુઓ તેતો ઝઇ. ૧૦
સમે થાય ગાંડા સમે રે'છે મુન્ય,
સમે આચરે જ્ઞાન ને ધ્યાન શુન્ય;
કરે કુટણી માલણી સાથે સ્નેહ,
પાળે લોકના દેખતાં ધર્મ એહ. ૧૧
નથી વ્હાલું મારૂં તમોથી આ તંન,

એવું મુખથી તો કહે છે વચન;
વળી સાચી આપે કશો વસ્તુ કોય,
તેને ના ગ્રહે ને વદે સત્ય સોય. ૧૨
સમે ત્રાસ આપી ખુંચી લે છે ધન,
સમે થઇ સમંધી રહે છે સદન;
તેવું કે'તા પે'લું કરે સર્વું કામ,
જેવો ઘર તણો હોય નિશ્ચે ગુલામ. ૧૩
જેવા કોઇના અક્ષરો દેખે સાર,
તેવા તો પોતે કાઢશે નીરધાર;
ખાયે સમ ખોટા વળી ખોટું ભાખે,
તેવો જાણીતો થઇ અને વેર દાખે. ૧૪
નથી દીલ માંહી દયા ધર્મ લેશ,
નડે જીવને સ્વાર્થ માંહી વિશેષ;
તોડે સ્નેહને તેમ નિર્લજ થાય,
સરે અર્થ કે તર્ત ત્યાંથી પળાય. ૧૫
ચોરી ચાડી આદી કહ્યાં જેહ પાપ,
તેમાં તો મચીને રહે દુષ્ટ આપ;
દુર્ગારામ કે' ધુર્તનાં એહ કામ,
તેથી છેટા રે'વું લેવું કૃષ્ણ નામ. ૧૬

વ્યભિચારી પુરૂષનાં લક્ષણ. ભુજંગી છંદ.

કરે કાંકરી ચાળોને છોડે માન,
વળી રાગ શ્રૃંગાર ગાયે નિદાન;
વદે તુચ્છને તેમ દુંકારા ખાય,

સમો સાધવા ભક્ત દાતાર થાય. ૧
સમે ટેક છોડે સમે ટેક ભારી,
સમે વાપરે દ્રવ્ય ઝાઝું વિકારી;
બોલે રૂચતુંને હસે મંદ મંદ,
હરે મંનને આચરે ખૂબ ફંદ. ૨
સમે કંઇ પ્રકારે મળે મીસ આણી,
રામે જુઠું બોલે સમે સત્ય વાણી;
સમે જોગ સાધે સમે નાચે નાચ,
સમે બોલશે ને સમે રે' અવાચ. ૩
વ્યભિચારીણી માલણી આદિ નાર,
નપુંશક અને રાંડવા નિરધાર;
કરે સંગ તેનોઅતિ રાખે હામ,
શીખે કામનાં અંગ તેનો તમામ. ૪
ઇશારો અને પલ્લવી જે કે'વાય,
તેવી ગુઢઅર્થી દ્વીઅર્થી વાચાય;
તેને શીખશે પ્રેમ આણી અપાર,
થશે ભુપના દુતનો સ્નેહી સાર. ૫
સમે વૈદ થાય સમે જાદુ રાખે,
સમે જોશ જોઇ અને વે'મ નાંખે;
સમે સર્વ વાતે અજાણ્યોજ થાય,
સમે આકરા ખુબ સોગંદ થાય. ૬
મેળા જાતરાને કથા ખેલ માંહી,
જશે મંન મેલા થકી દુષ્ટ ત્યાંહી;

વળી ટોળ વાતો કહીને હસાવે,
પોતાના ગુણોની પ્રશંસા જણાવે. ૭
સ્તુતિ નિંદા ને મૂકવું આળ જેહ,
દેવો ત્રાસ ને તોડવો છેક સ્નેહ;
ડરે ના વળી એહથી નીરધાર,
અતિ દુષ્ટછે ગુપ્ત જેના વિચાર. ૮
ધરે વેશ તો દ્રષ્ટિએ દેખે તેવો,
થઇ ગર્ગળો ને રડે ખુબ એવો;
સમે ગુપ્ત રે'છે સમે પાસે આવે,
સમે વારતા સેંજ માંહી ઉડાવે. ૯
સમે શેઠ થાયે સમે થાય દૂત,
સમે ધર્મ પાળે સમે સાધે તૂત;
તરે નીરમાંને ચઢે વૃક્ષ માથે,
મુકે દ્દોટને ઇરષ્યા ખુબ રાખે. ૧૦
આપે ખોટી આશા અને બૈ ભમાવે,
બતાવે સગાઇ વિના તેડયો આવે;
રૂઠે ને ત્રુઠે આપદા વિઘ્ન આણે,
સરળને સખત થાયછે કોઇ ટાણે. ૧૧
જેની સાથે સંભોગ કરવા ચ્હાય,
ત્યારે તેહના સ્વામિનો મિત્ર થાય;
કટાક્ષે કરી મારશે મોહ બાણ,
શીખે કોક શાસ્ત્રાદિ વિદ્યા વખાણ. ૧૨
રીસાયે મનાયે રમે ખુબ જારી,
દેખાડે તેવું પ્રેમનું દુઃખ ભારી;

પે'રે નવ નવાં વસ્ત્ર વરણાગી સારૂ,
બોલે વાક્ય એવું પ્રિયા સાથે પ્યારૂ. ૧૩
વ્યસનમાં રહેછે મચી સર્વ કાળ,
રમાડે ઘણાં પારકાં તેમ બાળ;
જપે મંત્ર મેલા જઇનેજ દૂર,
પ્યારી દેખતાં આણશે ખુબ શૂર. ૧૪
એવાછે પ્રપંચો વ્યભીચારી પ્રાણી,
બાંધે પાપનું પોટલું તેનો તાણી;
દુર્ગારામ કે' તેહથી દૂરરે'વું,
રઘુનાથનું નામ તો નીત્ય લેવું. ૧૫

મનહર છંદ.

કામકાજ મૂકી ચૂકી નિત્યનો નિયમ વળી,
પારકી સ્ત્રીઓની પૂઠે ફરે શોખ માણવા;
હરકોઇ મિસે કરી મશ્કરી ત્રિયાની કરે,
લાલચ દેખાડે પ્રેમ પોતાપર આણવા;
નેત્રપલ્લવીને બીજી પ્રપંચી કળાઓ શીખે,
વરણાગી કરે રૂપ રામાઓને જાણવા;
દુરગાશંકર કહે આટલે લક્ષણે કરી,
વિબુધ વદેછે પુર્ષ લંપટ પ્રમાણવા. ૧

વ્યભિચારીણી સ્ત્રીનાં લક્ષણ. ભુજંગી છંદ.

સજે સર્વ શણગાર ને ગીત ગાશે,
વળી દેવ દર્શનમાં નિત્ય જાશે;
તેવા પારખે પુર્ષ ને છોડે શર્મ,
કળાએ કરી જાણશે ગુહ્યમર્મ. ૧

ગમે જો કદીમનમાં કોઇ પાર,
તોતો વશ કરશે તેને નીરધાર;
સમે લાજ કાઢે સમે શર્મ છોડે,
સમે સ્નેહ બાંધે સમે સ્નેહ તોડે. ૨
સમે માન આપે સમે માન પાડે,
સમે ગુણ ગાયે સમે છિદ્ર કાઢે;
સમે શાન્તિ રાખે સમે ક્રોધ આણે,
સમે રે' ઉદાશી સમે મોજ માણે. ૩
સમે રીસ રાખે સમે રાજી થાય,
સમે રે છે પાસે સમે દૂર જાય;
સમે ધર્મ બોળે સમે ધર્મ પાળે,
સમે ઉંચું પેખે સમે નીચું ન્યાળે. ૪
સમે ચાલે ધીમું સમે મૂકે દોટ,
સમે અર્થ સાધે સમે ચૂકે ચોટ;
સમે સ્નેહીની સાચવે મરજી સાર,
સમે રોશથી મારશે ખૂબ માર. ૫
સમે ભૂખ વેઠે સમે ખૂબ ખાય,
સમે જાગશે ને સમે સૂઇ જાય;
તરે નીરમાંને અતી શૂર આણે,
તેવી બીક ધારે વળી કોઇ ટાણે. ૬
રૂવે હાલું હાલું અને આંસુ પડે,
હસે અલ્પને ખડખડી દાંત કાઢે;
વદે તુચ્છને નૃત્ય જોવા પળાય,
વળી વણ તેડયે પારકે ઘેર જાય. ૭

વઢે માત ને તાત સાથે હમેશ,
કરે સર્વદા સાસરે એવો ક્લેશ;
લેવું સાધવીનું બોલે નિત્ય જૂઠું,
મૂકે આળ જૂઠું અતિશેજ કુડું. ૮
જીતેંદ્રિ અને નિષ્કામી જે જંન,
તેને તો ગણે મૂર્ખ કાયર તંન;
પ્રસંન થાય ત્યારે મીંચે નેત્ર સાર,
રૂઠે તે સમે થુકશે નીરધાર. ૯
કટાક્ષે કરી પુર્ષને લલચાવે,
તેવી પ્રેમ પીડા અતિ દરશાવે;
સમે વસ્ત્ર મેલાં ધરે છેજ અંગ,
સમે પાપ કરશે સમે નાહ્ય ગંગ. ૧૦
સમે ભુજશે ને સમે રાખે હામ,
સમે સ્મર્ણ કરશે સમે ના લે નામ;
એવી રીતથી જે વશીકર્ણ મંત્ર,
દોરા ચિઠ્ઠીઓને દાણા જંત્ર તંત્ર. ૧૧
તેને શીખીને સાચવે ખૂબ દેહ,
કરે સ્વાર્થમાં દુષ્ટ સંગાથે સ્નેહ;
વળી દુત માલણ ને ભિક્ષુ જંન,
રાખે સત્યતા તેહની સર્વ દીન્ન. ૧૨
તેવી કુટવામાં કુશળ ઝાઝી કહાવે,
ભોળા પુર્ષને મશ્કરીમાં ઉડાવે;
[illegible] નાખીને મુખ જંપાઓ નેહ,

ભોળાવા પુરૂષને દેખાડે છે તેહ. ૧૩
એવી કંચુકી બાંધ તે ખાંધે તાણી,
કરે વારતા મારગે પ્રેમ આણી;
ઇશારો કરી સ્નેહીને સમજાવે,
દેઇ અન્યનું નામ તેને બોલાવે. ૧૪
મીઠું બોલીને તેમ કરશેજ મંન,
કપટ ભાવથી લે અલંકાર ધંન;
કશે ધામને દ્વાર બે ત્રણ ચાર,
મળે તે ઠેકાણે સ્નેહીનેજ સાર. ૧૫
તથાપિ વળી તાડખું કાંઇ રાખે,
ત્વરાથી રમે રંગ ત્યાં ત્રાસ પાખે;
સમે પુર્ષ જેવો ધરેછેજ વેશ,
સમે ગુંથે ખુબ ઉછાળી કેશ. ૧૬
સમે ચર્ણું અંગુઠડે ખોદે ભોમ,
સમે દાન આપે સમે થાય સોમ;
સમે બાથ ભીડી મળેછે સદાય,
સમે હાથ ઝાલી અને સજી થાય. ૧૭
કર્યાં એહ દુરાચરણી કેરાં કર્મ,
રેવું તે થકી દુર આણીને શર્મ;
દુર્ગારામ કે' દુઃખ તેથી પળાશે,
વળી અંતકાળે મહા મોક્ષ થાશે. ૧૮

મનહરછંદ

કુલટા કામની વિષે બહુ લખ્યા પાર નહી,

કરશે વિશ્વાસઘાત મીઠું બોલી છેતરી;
કહે ઘડી માંય તાવ કહે ઘડી માંય વાત,
વખતે ગણે દિયર જેઠ ઘુંઘટો કરી;
કહે ઘડીમાં તું કંથ તંન મંન ધંન વારૂં,
કહે ઘડીમાં તું કોણ કેહાડે તને વરી;
દુરગાશંકર કહે સ્વારથ સાધવા માટે,
ફાવે તેવા રચે ફંદ વ્યભિચારી સુંદરી.

વાયુપ્રકૃતિનાં લક્ષણ. મનહર છંદ.

ઉદરમાં આવે શુળ કાયામાં કળતર વળી,
નાડીઓ તણાય અને સાંધા ભાઝી જાયછે;
અંનમાં અરૂચિ રહે ભારે વસ્તુ પચે નહિ,
ચાલતાં ચડે છે શ્વાસ હોયાં હોયાં થાયછે;
છાતીએ ડુમો ભરાય ઝાડો ઉતરે ન સારૂ,
શરીર શીતળ અને શરત ભુલાય છે;
દુરગાશંકર કહે વાયુ કોપ્યે વધે પેટ,
કાળજે ચડેછે ગોળો તે થકી ઓકાય છે.

પિત્તનાં લક્ષણ. મનહરછંદ.

વાન્તિ કડવીને ખાટી અંગ અતિ ઉંનું રહે,
દાહ દુઃખે લમણાને બુદ્ધિ બળી જાયછે;
પિંડમાં પીળાશ રહે અતૃપ્તિને ઓછી ભૂખ,
પિસાબ ઝીણોને આંખે લીલાં પીળાં થાયછે;
મુખમાં વાસના ખોટી ધાતુ તપી ક્ષીણ થતી,

તાળવું સુકાય તેથી પાણી બહુ પીવાય છે;
દુરગાશંકર કહે પિત્તના પ્રકોપથકી,
સાંધા દુખે જીર્ણ તાવ જીવ ગભરાય છે.

કફનાં લક્ષણ મનહરછંદ.

તંદ્રા અને નિદ્રા ઝાઝી અંગ અતિશય જડ,
ગળામાં ગળપણુ અને ખરેરી ભરાય છે;
મૂત્ર મળ તે વિશેષ ઉંના ભોજનમાં પ્રીતી,
શરીર દેખાય સ્યામ આળસ પમાય છે;
બુદ્ધિમંદ ને મલીન ક્રોધી અલ્પ અહારી કામી,
વાચાળુ વિશેષ વ્યાધી પેશો પુષ્ટ થાય છે;
દુરગાશંકર કહે કફ કોપવાથી તાવ,
ઉધરસ છાતીમાં દુઃખ સ્વર અદલાય છે.

લોહી બીગડયાનાં લક્ષણ. મનહર છંદ.

લોહીના બિગાડ થકી લોચન રહે છે લાલ,
ત્વચા લાલ તેમાં ઘણો બળવગાટ થાય છે;
દાંત ઘસવાથી લોહી દાતણ વખતે પડે,
ઝાડોને પિશાબે લોહી રાતું કાળું જાય છે;
શરીર ઉનું ને દુઃખે ફોલ્લા ને ફોલ્લીઓ થાય,
પરસેવાની વાસનાતો વિશેષ ગંધાય છે;
દુરગાશંકર કહે લોહીનો બિગાડ કહ્યો,
તેમાં પિત્ત મળે રક્તપિત્ત તો કે'વાય છે.

માત ફુકકું આવે તેનાં લક્ષણ. છપ્પા.

બુદ્ધિમાં બહુ મેખ ફેરતો છેકું નાસે,

નીચ કર્મ છે જેહ તેહમાં પ્રીતી થાશે;
હિત ખોટું સનજાવ સત્યથી પ્રીતી તુટે;
ઈંદ્રી સર્વ અસાધ્ય બાહુ પગનું બળ ખુટે;
અગ્નિમંદ અરૂચિ થશે નિંદ્રા નવ આવે સહી,
દુર્ગા તે વેંધા મરે ઔષધ ગુણ લાગે નહી. ૧

વિના પ્રસંગે ક્રોધ મુખે કહીને નવ આપે,
મિત્રથી રાખે દ્વેષ પ્રતિજ્ઞા સેંજ ઉથાપે;
અતિ દીલમાં અહંકાર લીધેલી હઠ નવ મૂકે,
સ્ત્રીને વશ નીજ પ્રાણ બોલતાં ઝાઝો ચૂકે;
ઓસડ વસમું ખાઈને પથ્ય પુરૂં પાળે નહી,
દુર્ગા તે પ્રાણી બધા, વણ મોતે મરશે સહી. ૨

વર્ણશંકરનાં લક્ષણ. છપ્પા.

લાજ ગણે નહી લેશ કાજ કુડાં બહુ કરશે;
દ્રવ્ય કમાવા કાજ પારકી વૃત્તિ હરશે;
જ્ઞાનીને ગુણગાન તેહના અવગુણ ખોળે;
મૂકે જૂઠું આળ વાત નિંદાની ડોહોળે;
વ્યભિચારણીના પુત્રને નથી ચિન્હ કંઈ ભાળમાં;
દુર્ગા કવિ કિંમત કરે વચન વદે તે કાળમાં.

દુર્જન વિષે. મનહર છંદ.

વિદ્યાની અવધી એતો સભામાં પ્રમાણ થવું,
સામર્થની અવધીતો શત્રુને સંહારવો;
દાનની અવધી દેહ અર્પે જુથી આવી રહી,
પૃથ્વી તણો છેડો તે તો સિંધુ આવે ધારવો;

ઋદ્ધિની અવધી તો ભૂપનું પ્રસંન થવું,
કીરતીનો અંત યશ કવિએ ઉચ્ચારવો;
દુરગાશંકર કહે કષ્ટ ભેડો દેહ દુઃખ,
સુખનો સીમાડો સદા સંતોષજ ધારવો. ૧
રાત્રી તણી અવધિ તો પ્રભાત થયાથી કહી,
આકાશની અવધી તો શામતા સુધી સહી;
ભોજનની અવધિ તો રસનાનો પ્રોષ એહ,
પ્રેમતણી અવધી તો પડદો મટે કહી;
સુબુદ્ધિનો અંત તે તો સદાય શાન્તિમાં રહેવું,
દુષ્ટ તણી દુષ્ટતાનો અંત તો આવે નહી. ૨
સર્વને એકેકી જીભ અહિને ઉભય કહી,
ત્રણ જીભો વિશ્વરૂપ તણા મૂખની મહી;
સ્વયંભુને ચાર જીભ પિનાકીને પાંચ લહો,
ખટ જીભો સડાનન શીવ સુતને સહી;
સાત જીભો ઈંદ્ર તણા હસ્તી અને અગ્નિ તણી,
આઠ જીભો વસુદેવ તણા તુંડમાં કહી;
દુરગાશંકર કહે દશ જીભો રાવણને,
શેષને સહસ્ત્ર પણ દુષ્ટની સંખ્યા નહી. ૩
બે જીભોનો સાપ તેતો પ્રાણી તણા લેછે પ્રાણ,
પાંચ જીભવાળા શીવ જગતને સંહારે છે;
સાત જીભવાળો અગ્નિ સર્વને દહન કરે,
સહસ્ત્ર જીભોનો શેષ પ્રલયે પ્રજાળે છે;

જય જ્ઞેવાળો સુત વિસઋવા મુની તણો,
જેણે જાનકીને પીડી પ્રખ્યાત સોકાળે છે;
દુરગાશંકર કહે અસંખ્ય જીવોનો દુષ્ટ,
વ્યાસ જેવા વિદ્વાનોની પ્રતિષ્ઠા તો ટાળે છે. ૪
દબાયાથી ડસે અહી અવધીએ હરે શીવ,
અગ્નિ સ્પર્શ થકી બાળે એતો ખરો ન્યાયછે;
પ્રલયે પ્રજાળે આખા વિશ્વને ભુજંગ શેષ,
ત્રેતા યુગે રાવણ તો સીતા લેઇ જાયછે.
એવી રીતે સમો આવે સામા સામે નડે સહુ,
એકની પૂઠળ એક વેરવી કેંવાયછે;
દુરગાશંકર કહે પણ દુરીજંન પ્રાણી,
રસ્તે જાતાં નડે અને પાળે તેને ખાયછે. ૫

સુવાક્ય વદવા વિષે. મનહરછંદ.

વદતું વિવેક થકી જેથી સુખ થાય ઘણું,
નમ્ર વાણી સુણી નરપતિ હરખાયછે;
જેવું વાક્ય વદે તેવો જક્ત માંહિ થશે તોલ,
કુવાણી વધાથી પ્રાણી કુપાત્ર કેંવાયછે.
વચને મળેછે માન વચનથી અપમાન,
વચને કરીને વેર પ્રીતી નિશ્ચે થાયછે;
દુરગાશંકર કહે સાંભળો વિવેકી જંન,
સુવાક્યને શણગારે શરીર શોભાયછે. ૧
સજ્જનની વાણી તેતો મોગરાનાં ફુલ જેવી,

જેને સુણવાથી શોક સિંધુતો હણાયછે;
દુષ્ટ તણાં વાક્ય તેતો બરછીને બાણ જેવાં
જેણે કરી તપે મન હૃદય ભેદાયછે;
બરછીને બાણ તણો ઘાવ રૂઝે કોઇ કાળે,
ઓસડ કર્યાથી તેની પીડા ઓછી થાયછે;
દુરગાશંકર કહે કુવાક્ય ભૂલાય નહી,
જ્યારે યાદ આવે ત્યારે કાળજુ કોરાયછે. ૨
સોનાની ઘશીને કરે ચોકશી વિવેકી જન,
રૂપુ તપાવ્યાથી તેની કિંમત જણાયછે;
વિકટ વેળામાં તેવું સ્નેહીનું દેખાય હેત,
દીનતામાં દારા તણું કુળ દરશાયછે.
કાયાતણી કાન્તિ જોતાં ભોજનના લાધે ભાળ,
વ્યાધિ વિષે ઔષધની પરીક્ષા પમાયછે;
દુરગાશંકર કહે તેમ વાણી સુણવાથી,
નીચ અને ઉચ તણો નિશ્ચય તે થાયછે. ૩
સારંગીનો શબ્દ તેનો શંખમાં સમાય કેમ,
તેવો સારંગીનો શબ્દ શંખમાં જડે નહીં;
કસ્તુરીના ડાબડા વિષે લસણ ગંધાય નહી,
લસણના જીંડવામાં કસ્તુરી ક્યાંથી સહી;
લીમડાના ઝાડ માંહે શેરડીનો સ્વાદ ક્યાંથી,
શેરડીમાં લીમડાની કડવાશ ક્યાં રહી;
દુરગો કે' તેની રીતે દુષ્ટ સારું બોલે નહીં,
સાધુ ખોટું બોલે કેમ પક્ષ કોઈની લહી. ૪

દ્રવ્ય વિષે. મનહર છંદ.

દામ થકી દુઃખ જાય શત્રુતો સ્વાધિન થાય,
દામ તો ઉગારે કાય ખાધું દીલનું કરે;
પડે લોકમાંહી ભાર પંચમાં પ્રવીણ કહે,
બાપો કહીને બોલાવે ગુણી ગામમાં ઠરે;
નીચને કે' કુળવાન નગણાને ગુણવાન,
બીજું નામ પાડે લોક ઘા ને બા એવું ખરે;
દુરગાશંકર કહે દામમાં સકળ ગુણ,
ગૃહસ્થ જો ગાંડો હોય તોય પૂઠે સૌ ફરે. ૧

છપ્પો.

જર ત્યાં લીલા લેહેર જક્તવશ જરને જોરે;
જર ત્યાં ઝાઝું રૂપ, ભૂપ વશ ભલેતોરે;
જર ત્યાં ઉંચું કુળ, જર તે વિદ્યા ભણીઓ;
જરથો યશ ફેલાય જર નહીં કોઇનો રણીઓ;
જરને વશ જગદીશ છે દુઃખ શોક સ્વપ્ને નહીં;
કે' દુરગાશંકર કવિ જર કારણ મોટું સહી. ૧

વશ કરવાના ઉપાય. મનહર છંદ.

ભક્તિ ભાવ સેવા થકી કરે કામ દેવ વશી,
કળાએ કરીને અવનીશ વશ થાય છે;
લાલચ દીધાથી કરે લોભીઓ જરૂર કામ,
કામનીનું ચિત્ત દામ દેખી લલચાય છે;
અભિમાની ઓછું પાત્ર વખાણેથી વશ થાય,

સત્ય બોલવાથી ગુણીજનો તે જીતાય છે;
દુરગાશંકર કહે દશે ઈંદ્રીઓને જીતે,
તેને જક્તાનાથ ને ત્રિલોક વશ થાય છે. ૧

એક એકથી બગડે છે તે વિષે. મનહર છંદ.

કુપ્રધાને કરી રાજ જાય રાજવંશી તણું,
સંગ થકી સાધુ તણી મતિ ભ્રષ્ટ થાય છે;
ઝાઝું લાડ કરવાથી બાળકતો બેકી જાય,
ફેરી ફેરૂ કરવાથી કુવાણી વદાય છે;
અનાદર થકી અતિ ઉધમમાં ખોટ આવે,
ભય વિના ભામનીનું ચિત્ત ભમી જાય છે;
દુરગાશંકર કહે કુપ્રજાએ કુળ નાશ,
અવિવેક થકી છેક આબરૂ હણાય છે.

પ્રભુ રૂઠે તે વિષે. મનહરછંદ.

સાચું કે'તાં શત્રુ થાય સંબંધી તને સમાજ,
વિના વાંકે રાજા પીડે વ્હાલાં વેરી થાય છે;
ઉધમમાં હાની થશે અંન વસ્ત્ર મળે નહી,
પોતાની સંપત્તિ તેતો શત્રુ પાસે જાય છે;
પ્રજા કહ્યું માને નહી વળી પુત્ર શોક પડે,
જન્મ ભુમીમાંથી કાઢે દુષ્ટતા જણાય છે;
દુરગાશંકર કહે દૈવ કોપ્યે બુદ્ધિ ભમે,
શૂર વિર હોય તોય શત્રુથી મરાય છે.

વિનાશ કાળે ડાહ્યા પણ ભૂલે તે વિષે. મનહરછંદ.

પાંડુ તણા પુત્ર ઘણા પવિત્રને જ્ઞાની હતા,
તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જુગટું રમ્યા વળી;
સોનાતણો મૃગ કદી સુણ્યો ન્હોતો કાને કોઇએ,
પ્રભુ પૂઠે ધાયા વાક્ય સીતાતણું સાંભળી;
વેદના વિભાગ કર્યા રાવણ સમર્થ એવો,
વૈદેહીનું હરણ કર્યું બુદ્ધિ તે સમે ટળી;
દુરગાશંકર કહે ભાવી તો ભુલાવે એમ,
વિનાશ વખતે મોટા વિબુધ ચળેવળી.

લેહેણા દેણી વિષે. મનહરછંદ.

ઉદ્યમ કરે છે જે જે તેમાં લે'ણા દેણી હોય,
તોતો ખોટ નહી લાભ સે'જમાં પમાય છે;
વિના દામ લીધે કામ કરેછે પરાયા જંન,
પરદેશી હોય તોય પ્રીત તેની થાય છે;
જાતે દુઃખ ભોગવીને સુખ તે સ્નેહીને કરે,
તન મન ધન તેને આપવાને જાય છે;
દુરગાશંકર કહે નથી એ ફોગટ વાત,
જેવી જેને હોય તેવી લે'ણા દેણી ખાય છે.

પ્રભુને તજી અન્ય ભજે તેવિષે. મનહરછંદ.

પારી જાતકનું પુષ્પ તજીને તું મૂઢમતિ,
બાવળનાં ફૂલ વળી વીણવાને જાય છે;
મોંઘું રત્ન મૂકીને તું ચુંજાતું ધરેણું કરે,

કેસરી તજીને જંબુકની પૂઠે ધાય છે;
ગજરાજ મૂકી ચિત ગર્ધવમાં ચોટયું તારૂં,
અમૃત તજીને વિષ વેલીનેજ ખાય છે;
દુરગાશંકર કહે ગુરૂ ગોવિંદને મૂકી,
ઝાંપડી જોગણી ભૂત ભજી ભરમાય છે. ૭

ધીરજનાં ફળ મીઠાં તે વિષે. મનહર છંદ.

પડયું દુઃખ પાંડવને રહ્યા બાર વર્ષ વંન,
ધીરજ ધરી તો મળ્યું રાજ સુખીયા થયા;
વેચ્યો વિશ્વામિત્રે હરીશ્ચંદ્રને ચંડાળ ઘેર,
ધીરજ ધરી તો નગ્ર સુદ્ધાં મુક્તિએ ગયા;
દ્રુપદ સુતાની લાજ સભાની અંદર રહી,
પૂર્યાં ચીર પ્રભુએ ત્યાં દુષ્ટ જોઈને રહ્યા;
દુરગાશંકર કહે દુઃખને સહન કરી,
ધરીએ ધીરજ અતિ દીલમાં રાખી દયા.

સારા ગ્રહસ્થાશ્રમ વિષે. મનહર છંદ.

હમેશ આનંદ રહે કામની કોમળ મુખી,
જેનાં વાક્ય સુણી શોક સિંધુથી તરાય છે;
પોતાનો ચાલે વ્યવહાર એટલું ઉત્પન્ન હોય,
પુત્રને પુત્રીની પ્રજા સારી જે કે'વાય છે;
આંગણે આવેલો અતિથી ન ઠાલે હાથે જાય,
કિંકર કહ્યું માનીને મોકલે ત્યાં જાય છે;
દુરગાશંકર કહે એવા સંસારીને ધન્ય,

જેને ઘેર હરી કથા નિત્યમેવ થાય છે.

બુદ્ધિવાન વિષે. મનહર છંદ.

ચતુરનું છિદ્ર કોઈ જગતમાં જાણે નહિ,
ચતુર કરે ન કલેશ મોજ ઘણી માણશે;
દેવાદાર હોય તોય ઝાઝું કોઇ જાણે નહિ,
દુરદથી ડરે વિશેષ દેશકાળ જાણશે;
ચતુર ન કરે પ્રીતી મૂરખની કોઇ કાળે,
કળાએ કરીને કામ સારી વસ્તુ આણશે;
દુરગાશંકર કહે ચતુરમાં ચતુર તો,
ગુરૂ સેવા કરી ગુણ પ્રભુના વખાણશે.

સંતોષ વિષે. મનહર છંદ.

શ્રીમંતનું સુખ જોઈ અદેખાઈ આણી મંન,
કરે પરિતાપ તેની કાય કરમાય છે;
ભાગ્ય વિના તેના જેવું કો સમે થવાય નહિ,
મંનના તુરંગતે તો એળે સઉ જાય છે;
નથી મળતું વેળાએ ગરીબોને અન વસ્ત્ર,
તેનાથી તો સારૂ એવું ધાર્યે સુખ થાય છે;
દુરગાશંકર કહે તૃષ્ણાને તજો હમેશ,
સંતોષને ગ્રહો જેથી આનંદ પમાય છે.

ભાગ્યશાળી વિષે. મનહર છંદ.

ભૂતળમાં ભાગ્યશાળી ઉદ્યમ ન કરે કશો,
તથાપિ મળે છે દ્રવ્ય ધારે તેવું થાય છે;
કશી નથી કશી તો ય અપરાણે આપે છે લોક,

સરિતા વહિને જેમ સિંધુમાં સમાય છે;
મોટા મોટા મહિપતિ શ્રીમતો આધિન રહે,
અવળુ કહે છે પણ સવળું મનાય છે;
દુરગાશંકર કહે મજુરીથી અંન મળે,
કોટીપતિ થવું તેતો કર્મથી થવાય છે.

કુળવાન કોને કહેવો તે વિષે. મનહર છંદ.

યંત્ર વિષે પીલે પણ મધુરતા તજે નહિ,
ઇક્ષુ એવી ગુણવાળી અતિશે ગણાય છે;
ચંદન ઘસ્યાથી ઘણી વાસના આપે રૂપાળી,
વસુધા ઉખેડે લાભ અંનનો પમાય છે;
ઓસડ વટાય તેમ વધે ગુણ તેમાં વળી,
દધિને વલોવ્યે તત્વ માખણ દેખાય છે;
દુરગાશંકર કહે દુઃખે કરી ક્ષીણ થાય,
તદપિ તજે ન શિળ તે મોટો કેંવાય છે.

ઉદ્યમ વિષે. મનહર છંદ.

ઉદ્યમે દરિદ્ર જાય ઉદ્યમથી લાભ થાય,
ઉદ્યમથી અંનવસ્ત્ર નિશ્ચય પમાય છે;
ઉદ્યમથી આવે દામ, ઉદ્યમથી થાય કામ,
ઉદ્યમથી નામ દેશ પરદેશ થાય છે;
ઉદ્યમથી ફળે કર્મ ઉદ્યમથી રહે ધર્મ,
ઉદ્યમે ગરીબ પણ ગૃહસ્થ જણાય છે;
દુરગાશંકર કહે માટે ઉદ્યમને કરો,
ઉદ્યમે બિલાડી દધિ દુધ ઘૃત ખાય છે.

નિર્ભાગી વિષે. મનહર છંદ.

કર્મ હીણો કરે ખેતી ત્યારે સુકવણું પડે,
મરે ઢોર માંદા રહે આથો લાગી જાય છે;
વાટેથી વિરોધ થાય તેમાં વ્યય ઝાઝો પડે,
એક કાર્ય સાધે ત્યારે પાંચ નાશ થાય છે;
નીતિનું વચન વદે તદપિ ગણે ન કોઈ,
અક્કલ વિનાનો સહુ જનમાં જણાય છે;
દુરગાશંકર કહે નિર્ભાગીની જાય લાજ,
સબંધી શત્રુ થૈ સાલે નિત્ય તે પીડાય છે. ૧
નિર્ભાગી જાત્રાએ જાય ત્યારે અંગે પીડા થાય;
કામની મળે તો થાતું રોગે કામ ખૂટશે;
મે'નત અપાર કરી દ્રવ્યનો સંચય કરે,
ત્યારે દંડે દેશપતિ વળી ચોર લૂંટશે;
વિંછણુ સિંહણુ કેળ પ્રજા થયે મર્ણું પામે,
તેવી રીતે સુખ આવ્યે દેહ તર્ત છૂટશે;
દુરગાશંકર કહે નિર્ભાગી જન્મારો દુઃખી,
અમૃત મળે તો પીધા પે'લું પાત્ર ફૂટશે. ૨

ભિક્ષા વિષે હલકાશ છે તે વિષે; મનહર છંદ.

તૃણ થકી તૂર આકડાનું અતિ હલકું છે,
તેથી તુચ્છ માગનારો હલકો ગણાય છે;
રૂપગુણ બુદ્ધિબળ જ્ઞાન ને ગંભીરપણું,
સઘળું એ હોય તો'ય તેનું વ્યર્થ જાય છે;
સમને દાતાર કેવો તેથી મોત સારું વળી,

કુંકારો સુણીને ખેદ દીલમાં પમાય છે;
દુરગાશંકર કહે મોટું માન મળે તોય,
ભીખ માગી જીવવું તે ભુંડુંજ જણાય છે. ૧

જાચવા જવું પડે છે ત્યારે પગ ઢીલા થશે,
માન રાખશે કે નહિ એવો મોટો ત્રાસ છે;
આવે દીલમાં ઉદાસી ઓશીયાળી વાણી કે'વી,
કે'તાં કે'તાં લાગે જાણે ત્રિદોષનો શ્વાસ છે;
વિષ્ણુંને જાચતી વેળા વામન થવુંજ પડ્યું,
તે તણું એંધાણું નામ વામન પ્રકાશ છે;
દુરગાશંકર કહે માગ્યાં મળે મોતી પણ,
ભિક્ષુકનો દિવસ તે સદાય નિરાશ છે. ૨

દ્રવ્ય છતાં વાપરે નહિં તે વિષે મનહરછંદ.

પાડો પાણીની પખાલ હમેશ ઉપાડે વળી,
વૃષભ તેલીનો તેતો નિત્ય ફેરા ખાય છે;
ગધેડો ઉપાડે ગુણ તેનો તેને લાભ નહિ,
ગુણનો જે માલ તેતો ચઉટે વેચાય છે;
વેઠીયાને ઝાલ્યો વેઠ મજુરી કરેછે તેતો,
મજૂરી કરીને હાથે છેડે ઘેર જાયછે;
દુરગાશંકર કહે તેમ દ્રવ્ય મેળવીને,
ખાધું ખરચ્યું નહીં તે ગધેડો ગણાય છે.

શું કરવું ને શું ન કરવું તેવિષે. મનહરછંદ.

સહસા ન કરવુંજ કદીએ કશુંય કામ,

કરજ કરીને કશો લાવો નવ લીજીએ;
દાન માન અપમાન મંત્રને મૈથુન દ્રવ્ય,
છિદ્ર ઘર તણું એતો કોઇને ન કીજીએ.
પારકી સ્રીયોની ઉપર કુબુદ્ધિએ જોવું નહિ,
પે'લું ઘર પૂછ્યા વિના પાણી નવ પીજીએ;
દુરગાશંકર કહે નીતિ તણો ન્યાય એહ,
નામું લખ્યા વિના દામ કોઇને ન દીજીએ. ૧

ઝાઝી પ્રીત જોડીએ ન પ્રથમથી કોઇ સાથે,
જોડીએ તો જીવ જાય તો'ય નવ તોડીએ;
સ્વજનમાં કલેશ કદી કોટી જતાં કરવો ન,
ગતિ મતિ હીન સાથે પ્રીતી નવ જોડીએ;
પોતાતણું વખાણ ન કરવું પોતાને મુખે,
પુન્યતણા પંથ વિષે પાછા નવ દોડીએ;
દુરગાશંકર કહે નીતિ તણો ન્યાય એહ,
ગુરૂએ કહેલું જ્ઞાન કદી નવ છોડીએ. ૨

વિદ્યા દાન જપ વિષે રાખવો વિશેષ લોભ,
કામની કનક અંનમાં ન ઝાઝો રાખીએ;
પોતાની પત્નિને સંગ કરવો સમયે સંગ,
વ્યભીચારી તણી મિત્રતાઈ કાઢી નાંખીએ;
સારી કૃતિ કરવાનું રાખવું કુળાભિમાન,
શત્રુ તણી સાથે અભિ શર પણું દાખીએ;
દુરગાશંકર કહે નીતિ તણો ન્યાય એહ,
દુષ્ટ મુખે કદી સારું ખોટું નવ ભાખીએ. ૩

કો સોને શું વહાલું છે તેવિષે. મનહરછંદ

દાતાને વ્હાલું છે દાન નિંદા નિચ પુરૂષોને,
પ્રપંચી કરાવી ક્લેશ ઘણો ખુશી થાય છે;
વિવેકીને વ્હાલી લાજ ઉઘમીને કામ કાજ,
વિપ્ર સુણી લાડવાને અતિ હરખાય છે;
લક્ષ્મી લોભીને પ્રિય કામીને વધુવિહાર,
સાધુ શુભ કોઇ તણું કરવાને ચ્હાય છે;
દુરગાશંકર કહે સ્નેહીને વ્હાલો છે મિત્ર,
જ્ઞાની ખુશી થશે જ્યાં હરી કથા ગવાય છે. ૧

વેળા વેળાની છાંયડી વિષે. મનહરછંદ.

કોઇ સમે નવ નીધિ આંગણે આવીને રહે,
કોઈ સમે મ્હોર એકે જોઇતી મળે નહીં;
કોઈ સમે કામકાજ કેંતા પેં'લા કરે લોક,
કોઇ સમે તાબેદાર રહે નોકર રહી;
કોઇ સમે ખટ રસ ખાવા તેમાં સ્વાદ ખુબ,
કોઇ સમે ખોટું ધાન ખાવું કષ્ટથી સહી;
દુરગાશંકર કહે વખતે વાહન ગજ,
વખતે ચાલવું પડે તાતી વેળુની મહી. ૧
કોઈ સમે અલંકાર પે'રવા પોશાક સારો,
કોઇ સમે વસ્ત્ર વિના વસ્વું દેખાયછે;
કોઇ સમે કચેરીની મધ્યે બેશી ન્યાય કરે,
કોઈ સમે ગુન્હેગાર બની દુઃખી થાયછે;

કોઇ સમે કસરત કરે મલ્લ સાથે વળી,
કોઈ સમે પાણી પણ પાય તો પીવાયછે;
દુરગાશંકર કહે વેળાવેળા વિષે ફેર,
જેવું ફૂલે તેવું વળી નિશ્ચે કરમાયછે. ૨

મમત વિષે. મનહરછંદ.

મમતે ચઢેછે આળ મમતે બેસેછે ગાળ,
મમત કપાવે શીશ બુદ્ધિ ભ્રષ્ટ થાયછે;
મમતથી હારે હોડ મમતથી આવે ખોડ,
મમતથી મૂકી દેશ પરદેશ જાયછે;
મમત ઘટાડે ભાર મમતથી ખાય માર,
મમતે ખરચી દ્રવ્ય દરિદ્રી કે'વાયછે;
દુરગાશંકર કહે માટે મમતને તજો,
મમત કર્યા પછી પસ્તાવો થાયછે.

વિદ્યાવાળાને ગર્વ દુષણછે તે વિષે. મનહરછંદ.

વિદ્યાવાળા પુરૂષોએ ગરવ કરવો નહીં,
ગર્વ કરી બોલવાથી હલકા ગણાયછે;
પાણીતણો પૂરણ ભરેલો કુંભ બોલે નહીં,
જો અધુરો હોય તો તે નિશ્ચે છલકાયછે;
શબ્દના અનેક અર્થ તેમાં ઘટે તેવો થાય,
વિચાર કર્યા વિનાની વાણી વ્યર્થ જાયછે;
દુરગા શંકર કહે નથી જેને પુરૂં જ્ઞાન,
તેનો થોડી વિદ્યા ભણી ઘણો ગુંચવાયછે.

વિયોગ વિષે મનહરછંદ.

વિયોગના દુઃખ જેવું નથી એકે બીજું દુઃખ.
સ્નેહીના વિયોગ થકી સુખ સઉ જાય છે;
માનુની ને ધન ધામ ગમે નહી તે તમામ,
વિરહની અગ્નિએથી કાયા કરમાય છે;
મીનનો સલીલ વિના પ્રાણુ તો તરત જાય,
સુર્ય અસ્ત પામ્યા થકી સરોજ મીંચાય છે;
દુરગાશંકર કહે વિષના વિહારીને તો,
સુધા મળે તોય સુખ વિષ થકી થાય છે.

પ્રેમ વિષે. મનહર છંદ.

સુર્યનો પ્રકાશ પેખી પંકજ પ્રફુલ્લ થાય,
સ્વાતી નિર પીધે તૃષા ચાતકની જાય છે;
પારદનો કુપ પ્રીયા જોઇ ઉભરાયવળી,
ઘનઘોર ગાજે મોર ઘણો ખુશી થાય છે;
ચદ્રમાને જોઇ જળ ઉછળે છે ઉદધિનું,
મદીરાને દેખી મદ્યપાની મલકાય છે;
દુરગાશંકર કહે પ્રેમથી પંડીત ભુલે,
કાષ્ટ કોરનારો ભ્રંગ કંજમાં બંધાય છે.

વિચાર્યા વગર પ્રીતી પારકાની કરવી નહીં તે વિષે.

મનહર છંદ.

[illegible] પારકાની કરો નહીં,
[illegible]

પ્રેમનો જે રંગ તેને ચઢતાં ન લાગે વાર,
ચાહીને ચઢાવે તેમ ખુબ ચઢી જાય છે;
નવો નવ દાહ્ડા રહે ઉતરતાં વાર નહીં,
ઉતરતાં લોક વિષે નિંદા નિશ્ચે થાય છે;
દુરગાશંકર કહે પડદો ત્યાં પ્રીત તજે,
મળ્યાને આપવું હીર નીતિનો એ ન્યાય છે.

સ્વાર્થ વિષે. મનહર છંદ.

સ્વારથે વિદેશ જાય સ્વારથે સેવક થાય,
નગણાના ગુણ ગાય દ્રવ્ય ઘણું વાવરે;
ગુરજે ઘેલાની સાથે ડાહ્યો મિત્રાચારી કરે,
સ્વારથે પવિત્ર પ્રાણી ખોટું કૃત્ય આચરે;
સ્વારથે ધીરે છે ધંન સ્વારથે આપે વચંન,
સ્વારથે પંડિત કવિ મૂર્ખને મોટો કરે;
દુરગાશંકર કહે એક ભક્ત વિના સઉ,
સ્વારથ સાધવા પ્રાણી દોષ થકી ના ડરે.

કોઇને જંપ નથી તે વિષે. મનહર છંદ.

સહસ્ત્ર ફણાએ કરી શેષ નાગે ધારી ધરા,
શિશુમાર ચક્ર પૂઠે ગ્રહો ફેરા ખાય છે;
વૃષ્ટિ વારી વાહ કરે નારદ કરાવે ક્લેશ,
પાવક પ્રગટ થાય ને વળી ઓલાય છે;
કૃતાંત કરમ જોઈ જીવતણાં દંડ કરે,
સરિતા પ્રવાહે કરી સિંધુમાં સમાય છે;

દુરગાશંકર કહે કુબેર શીવનો દાસ,
શીવને કરવો લય વાશુ નિત્ય ચાય છે. ૧
ઈંદુ ભાનુને ઉપાધિ ઉગવને અસ્ત થવું,
વિષ્ણુને અવતાર લેવો સિંધુ ઉભરાય છે;
પ્રજાપતિ પ્રતિમાઓ સરજે છે અહનિશ,
ઈંદ્રને અસુર ભય રાજ્યની ચિંતાય છે;
શક્તિને ઉપાસે તેનું કામ તેને કરવું પડે,
ભૈરવને વીર સાધનારો કે ત્યાં જાય છે;
દુરગાશંકર કહે નથી જંપ એટલાંને,
તો તું જીવ જંપ ખોળે એ તારો અન્યાય છે. ૨

ભવા કાળમાં કાઇનો દોષ નહિ તે વિશે. મનહર

ઉલુકને આદિત્યના ઉદયથી સુઝે નહીં,
જવાસાના છોડ વૃષ્ટી થયેથી સુકાય છે;
તેવી રીતે તાત મુકી દોલતને મૃત્યું પામે,
પુત્ર પાસે રહે નહિ દુઃખી ઘણો થાય છે,
સારો વર ઘર જોઇ પિતા સુતા પરણાવે,
દૈવયોગે કરી તેનો પતિ મરી જાય છે;
દુરગાશંકર કહે તેમાં દોષ કોને દેવો,
લલાટે લખ્યું તે થાય દૈવનો એ ન્યાય છે.

કેટલાં લક્ષણે મોક્ષ થાય તે વિશે. મનહરછંદ

ગંભિરતા પ્રિય વાણી વિનય વિવેક ન્યાય,
વિદ્યા ભક્તિ ઈશ્વરની અહોનીશ આચરે;
દયા દીનતાને સત્ય નમ્રપણું આસ્તા,

સ્વધરમે પોતાતણા પિંડને પોષ્યા કરે;
શાન્તિ ને સંતોષ ધૃત ક્ષમા ને વૈરાગ્ય વળી,
અપયશ થાય એવી વાતથી અતિ ડરે;
દુરગાશંકર કહે એવા પ્રાણી અંત સમે,
વિમાનમાં બેશી વિષ્ણુ લોક વિષે સંચરે.

પારકુ પોતાનૂં હીત નહીં જાણનાર વિશે મનહરછંદ.

દારૂનો પીનાર અને વિષયમાં પ્રીતીવાળો,
ઉન્મત્ત થાકેલો અને અતિ લોભીયો વળી;
કૃતઘ્ની ઉતાવળો ને જંગલનો વાસી ક્રોધી,
કામની કુલટા જેની પ્રીતી અન્યસુ મળી;
ભુખ્યો ને વિકળ ભોળો આળસુ ને અભિમાની,
દંભીને દયા વિનાનો જુગતો જેવો કળી;
દુરગાશંકર કહે આટલાં ન જાણે હિત,
પારકું પોતાનું વળી બુદ્ધિ તેથી વેગળી.

કોઇ સમે સંકટ કોને આવે છે તે વિશે મનહરછંદ.

ખાધાનો લાલચુ અને દૂષી વિસવાસઘાતી,
સમો જાણ્યા વિના સાચું બોલવાને જાયછે;
કૃતઘ્ની ને કટુ ભાષી કપટી કુશીલ સંગી,
કોઇનું કહ્યું ન માને ફોગટ ફુલાય છે;
કામનીનું કહ્યું કરે, પારકી પ્રીયાને સેવે,
વારંવાર જુઠું બોલી હલકો ગણાય છે;
દુરગાશંકર કહે આટલાને સુખ નહી,
આપત્તિ આવે હમેશ શત્રુથી મરાય છે.

જબરાના નીચ સેવક વિષે. મનહર છંદ.

બણીયાની ગધેડી કે'છે હાથીને તું આઘો ખસ.
નિશ્ચે મારૂં લાત તેથી પ્રાણ તાહરો જશે;
સાંભળી સુંઢાળો બોલ્યો ગધ્ધી ગર્વ થોડો કર,
મોટાની શરમ તેથી જાવા દેઉં છું હશે;
ગરૂડ ગળે છે સાપ એવો છે પ્રતાપી પણ,
શીવજીના કોટવાળો ગરૂડ સામો થશે;
દુરગાશંકર કહે તેવી રીતે જબરાનો;
કિંકર કુજાતી છતાં ફાવે તેનું બોલશે.

સ્ત્રીના દોષ વિષે. છપ્પો.

તરીઆ મોટી કેફ ઝેર જોતામાં ચઢશે;
તરીઆ આણે દુઃખ મોક્ષ મારગમાં નડશે;
તરીઆ તુચ્છ સ્વભાવ વેણ નવ પાળે પ્રીતે;
તરીઆ નિર્દય જાત રહે નહિ કુળની રીતે;
સુંદરીમાં સમજણ નહી માટે કહ્યું ના માનીએ;
કે' દુરગાશંકર કવિ અબળા બુદ્ધિ પાનીએ. ૧
ઇંદ્ર સરીખો દેવ જેને ઇંદ્રાણી નારી;
તદપિ કીધો અંગ અહલ્યા કેરો બારી;
ચતુર ચંદ્ર કે'વાય ગુરૂ પત્નિથી ચળીઓ;
તજી પોતાની નાર, તેહને તત્ક્ષણ મળીઓ;
શ્રૃંગી ને નારદ મુનિ, પારાશર પશુના પતિ;
દુર્ગો કે' તેતો વળી વિનતાથી ચુક્યા મતિ. ૨
નેનરૂપી તરવાર નારીની વાગે જ્યારે;

બુદ્ધિ હણાશે તર્ત વિવેક બૂઝાશે ત્યારે;
કનકનું થાળી તુલ્ય કાળજું કોરી નાંખે;
મન ઇચ્છે તે વાર પ્રિયા મુખ ક્યારે ભાખે;
મુખથી બોલે માનુનિ એટલે હૃદય ભેદાય છે;
દુર્ગા રસના સ્ત્રી તણી હીરાકણી કે'વાય છે. ૩
મન ગમતો જોઇ પુર્ષ પ્રિયા પડપંચે ભાળે;
ચપળ દ્રષ્ટિ રૂપ બાણ ચડાવી નીચું ન્યાળે;
એટલે પામે મોહ પુર્ષ નક્કી મન માંહી;
હિંમત હારે તર્ત થશે વ્યાકુળ તે ત્યંહી;
સ્પર્શ થતાં ગાંડો થશે સુખ મોટું મનમાં ગણી;
દુર્ગા વિર્ય વછોડીને ગાત્ર ભંગ કરે તારૂણી. ૪

ઇંદ્રવિજય છંદ.

મૂર્ખ થકી અતિ અસત્ય બોલશે સાહસ કર્મ કરે અવિચાર્યું;
દ્રવ્યને ભોગમાં લોભ ઘણો તેમ છોડે નહિ છેક દીલનું ધાર્યું;
નિર્દય નિશ્ચે પવિત્રતા ના મળે રોષ થકી ના કરે કશું વાર્યું;
દુગ્ગારામ કહે દુ:ખદાયક નારી તો નર્ક તણું એક બારૂં.

સ્ત્રીનાં વખાણ વિષે. ઇંદ્રવિજય છંદ.

કામ કરે ઘરનું ઘર શોભીત શાન્તિ વળે ભોગવી ભોગ સારો;
પુત્ર થશે તેથી વંશ રહે વળી રોગમાં રાખશે દેહ સુધારો;
કાળી પતિ કમળાસન કેશવ તે ઘેર કામની તેતો વિચારો;
દુરગારામ કહે દુ:ખ ભંજન રત્નની ખાણ જુવંતીજ ધારો.

મનહર છંદ.

નથી જેના ઘર વિષે રામા રૂપી રત્ન તેની,

દોલતને ધિક્ક લોક સઉ ડંડીઓ કહે;
શુન્ય ઘર લાગે સુનુ ઉજડ મશાણ જેવું.
ધામ કેરા ધધામાંહી આપદા અતી સહે;
દશે દિશા સુની તેની સાચું સગુ કોઇ નહી,
એકલો જાણીને ઓઓ આવતાં ઉભી રહે;
દુરગાશંકર કહે નથી જેને પ્રાણપ્રીયા,
પ્રીયા પારકી જોઇને નીશદીનમાં દહે. ૧
શીવ ઘેર રહ્યાં શીવા સિંધુને ઇન્દિરા મળી,
સચીપતિ ઘેર પણ સુંદરી પુરંદરી;
રાધિકાને રૂક્ષમણિ સરીખી અબળા તોય,
કમળાના પતિ લાવ્યા કામની ઘણી હરી;
વન્હિને વરી છે સ્વાહા સ્વધા પિત્રી સ્થાનકમાં,
શશી રવિ ઘેર પણ માનુની મનુહરી;
દુરગાશંકર કહે ઘરનો ગરીબ હોય,
તોય માનુનીનું મુખ જોઇને રહે ઠરી. ૨

સ્વભાવનું ઓસડ નહિ તે વિશે. છપ્પો.

જળ તરવાને નાવ અગ્નિ ઓલવવા પાણી;
ભૂખનું ઓસડ અંન કૃપા થાવા શુભ વાણી;
જ્વર ઓસડ ઉપવાસ, નારીનું દ્રવ્ય કહાવે;
અરી ઓસડ અતિ દંડ દેવ વશ પાઠે આવે;
એક એકનો ઉપાય છે વેદ શાસ્ત્રમાં સર્વથી;
કે દુરગાશંકર કવિ પ્રકૃતિનું ઓસડ નથી.

વિનાશ કાળે વિપરીત બુદ્ધિ, છપ્પા.

દ્વીજ રૂઠયો દે શ્રાપ સર્પ તો ડંશ કરેછે;
દુશ્મન ખોટું થાય મુખ નિંદા ઓચરે છે;
પાડોશી રીસાય ત્યારે તો ચાડી ખાયે;
સ્ત્રી રૂઠી લે પ્રાણ દાસતો નાશી જાગે;
મહિપતી રૂઠયો માન લે દ્રવ્ય જીવ જોખમ કરે;
કે' દુરગાશ કર કવિ દેવ રૂઠે બુદ્ધિ ફરે.

કેટલાં જાણ ઊંઘે નહિં તે વિશે, છપ્પા.

નીજબળને નથી સ્હાય વેર મોટા સું કરશે;
કામી થઇ નીશદીન કામની પૂંઠે ફરશે;
કુલટા જેની નાર રોગ મરવાનો ભાસે;
તસ્કર તપસી જંન ઇરશા જેને થાશે;
એટલા જાણ ઉંઘે નહી રજની આખી જાગશે;
દુરગા એક તપસી વિના સરવેને દુઃખડું થશે.

કડવાં વચન હીતકારી તે વિશે, છપ્પા.

ઉજળું ગંગા નીર સ્વાદમાં લાગે મીઠું;
નીરખી જોતાં એક છેક મોતી ના દીઠું;
સાગર ખારૂં નીર ત્રષા તેથી ના વામે;
પણ ગુણ નીરખ્યો એક રત્ન તો તેથી પામે;
તજ ઉજળાને મુખ મધુર તેથી અર્થતો નવ સરે;
દુર્ગા જે કડવું કહે તેતો દુઃખ સેંજે હરે.

દેવા વિશે, છપ્પા.

દેવું દારણ દુઃખ સુખ સ્વપ્ને નહિ આવે;

ભૂખ ઘણેરી હોય તોય ભોજન નહિ ભાવે;
ચિંતાતુર રે' મન તન તો નિર્બળ રે'છે;
ધારે નહિ કોઇ ધંન લોક સઉ નિર્ધન કે'છે;
સગાં સહોદર મિત્ર તે ડરશે દેવાદારથી;
કે' દુરગાશંકર કવિ દેવા સમ દુઃખડું નથી. ૧
દેવે દામ કમાય તોય ઉગરે નહીં પાઇ;
દેવે હિંમત જાય થાય જગમાં હલકાઇ;
દેવે બગડે બુદ્ધય દરિદ્ર દમતું આવે;
દેવે ડાપણુ દુર દેવું તો દેશ તજાવે;
તે માટે કશી નામના કરજ કરી ના કીજીએ;
કે' દુરગાશંકર કવિ શિક્ષા માની લીજીએ. ૨

વિદ્યા વિષે. છપ્પા.

વિદ્યા છાનું દ્રવ્ય માન વિદ્યાથી મળશે;
વિદ્યા વપુ શણગાર દુઃખ વિદ્યાથી ટળશે;
વિદ્યા સુર તરૂ તુલ્ય જ્ઞાન વિદ્યાથી થાસે;
વિદ્યા દૃઢ હથિયાર શત્રુ વિદ્યાથી નાશે;
દેશ અને પરદેશમાં સદવિદ્યા પોષણ કરે;
કે' દુરગાશંકર કવિ યશ વિદ્યાથી વિસ્તરે. ૧
સદ વિદ્યા જે પાસ સેવક બહુ તેના થાશે;
સદ વિદ્યા જે પાશ જક્તમાં તેહ પુજાશે;
સદ વિદ્યા જે પાસ તત્વ તે સઘળું જાણે;
સદ વિદ્યા જે પાસ મોજ રાજાની માણે;
સદ વિદ્યા પારસમણી વાપરતાં વધશે સહો;

કે' દુરગાશંકર કવિ વિદ્યા જેવું ધન નહીં. ૨

જીવતાં કોણ મુવો તે વિષે. છપ્પા.

જીવતાં મુવેલો તેહ સદા નિર્ધન સંસારી;
જીવતાં મુવેલો તેહ કર્કશા ઘરમાં નારી;
જીવતાં મુવેલો તેહ દેહમાં વ્યાધિ ભુંડો;
જીવતાં મુવેલો તેહ એક પણ પુત્ર ન રૂડો;
જીવનમૃત તે જાણુવો અપજશ તો જેનો હુવો;
દુર્ગા સાચું માનજે મૂર્ખ જન જીવતાં મુઓ. ૧
જીવતાં મરેલો તેહ જેહ કુગ્રામે વસીયો;
જીવતાં મરેલો તેહ પારકી સ્ત્રીનો રસીયો;
જીવતાં મરેલો તેહ શત્રુને જઇ કરગરશે;
જીવતાં મરેલો તેહ કૃત્ય નબળું જે કરશે;
જીવનમૃત એવા ઘણા દુઃખ પામી નિત્યે રડે;
દુર્ગા કે' વળી ખળ મુવો કારણ કે સઉને નડે. ૨

જનાવરથી ગુણ લેવાના તે. છપ્પા.

સિંહ વિષે ગુણ એક, એક બગલાનો જાણો;
કુકડામાં ગુણ ચાર કાગમાં પંચ પ્રમાણો;
ગર્દભમાં ગુણ ત્રણ તેહ તો સૌને લેવા;
મંઝારીનો એક શ્વાનમાં ખટગુણ તેવા;
ગુણ એટલા લે જે ધણી શાણો સદ્ગુણી થાય છે;
કે' દુરગાશંકર કવિ નિશ્ચે તે પૂંજાય છે. ૧
બરે વિચારી કાળ પછી પાછો નવ હઠશે;
[illegible]

ધરે ધ્યાન થઇ સ્થિર મીન દીઠું નવ મૂકે,
બગલાનો ગુણ એહ ચતુર અવસર નવ ચૂકે;
વેહેલો ઉઠે વધુ ફળને સંપ ઘણો સંગ્રહ કરે,
દુર્ગા સાચું માનજે કુકંટ ગુણ કવી ઓચરે. ૨
વિષય કરેછે ગુપ્ત ઘણી ધીરજ તો ધારે,
સ્વાદ વિનાનો અહાર રહે સાવધ હુંશીયારે;
દૃષ્ટિ ચપળ ચોપાસ ઉડી જોતાંમાં જાશે,
વાયસના ગુણ એહ લીધેથી સુખડું થાશે;
ભાર સહન સ્થલા પાણું ધણીને વશ રેહેવું સદી,
દુર્ગા ત્રણ ગુણ સર્વને ગર્ધવના તજવા નહી. ૩
આશા અદકી મંન થોડે સંતોષજ પામે,
પામે ને ક્રોધ જંન કરે ચોકી તે હામે;
ઉંઘે સઉની પેઠ જરા ગણસારે જાગે,
શત્રુ શ્રદની ભાવ મૂકી હિંમત નવ ભાગે;
ગુણ એટલા કૂતરા તણા લીધેથી સુખ થાયછે,
દુરગા સાચું માનજે શત્રુ પણ જીતાયછે. ૪

અતિ સુખીયા વિષે. છપ્પો.

દ્રવ્ય બુદ્ધિને પુત્ર વિવેક વિદ્યા સુખકારી,
સદા વૃત્તિ રે શાન્ત વદે મૃદુ વાણી નારી;
નિર વ્યાધિ નિજ દેહ કુટુંબમાં સંપજ થાશે,
મુખથી વદે ને ન્યાય સરવને સાચો ભાસે;
આટલી વસ્તુ આ લોકમાં જેને ઘેર જણાયછે,
દુરમા તે સુખીયો અતિ પૂર્ણ પુન્યથી થાય છે.

બ્રહ્મ હત્યારાં કોણ તે વિષે.   છપ્પા.

ઘર બગાવે જેહ ઝેર જાણીને દેશે,
વ્યભિચારી હોય પુત્ર અંનજળ તેનું લેશે;
મદ્ય માંસ ખાનાર વદે મિથ્યા મુખ વાણી,
ઋતમાં કરશે ભોગ પ્રિયાસું પ્રીતી આણી;
મિત્ર દ્રોહીને પારધી લંપટને નિર્દય અતિ,
દુરગા એ પાપી પુરાં તેની તો ખોટી ગતિ. ૧
ગર્ભપાત કરનાર વૈદને વિનતા એવી,
ગુરૂ આજ્ઞા હણનાર પ્રતિજ્ઞા તોડે તેવી;
વેદ ખોટા કે' તેહ ધર્મ કુળનો નવ પાળે,
પૂરે જૂઠી સાખ વેર વણ વાંકે વાળે;
વિશ્વાસઘાતીને લાંચવો તસ્કરને દંભી વળી;
દુરગા એ પાપી પુરું જુગ જેવો ચોથો કળી. ૨

એક વિના એક શોભે નહિ તે વિષે.   છપ્પો.

વૃદ્ધ વિનાની જેહ સભા તે ઓભા જાણો,
વેદ તણી નથી વાત ધર્મ તે દંભ પ્રમાણો;
ઝઘડો ત્યાં શી પ્રીત્ય કપટ ત્યાં સત્ય શું કે'વું;
ગર્જ વિના ઉપકાર જ્ઞાન સાકુટને દેવું,
દુરગા તે નથી શોભતું ભાવ વિના ભક્તિ વળી;
વિવેક વિના કુળ વ્યર્થ છે દાન વિના લક્ષ્મી બળી.

તૃષ્ણા અને વાસના વિષે.   છપ્પો.

અગ્નિ કાષ્ટથી તૃપ્ત નથી થાતો કોઇ વારે;
સરિતા મળતે તોય સિંધુ નથી વધતો ત્યારે;

વિશ્વ બધું ખાઇ જાય તોય નથી કાળ ધરાતો;
ભોગવે ભાર્યા ક્રોડ તોય મન્મથ મદમાતો;
તેમ તૃષ્ણાને વાસના ટુટે નહિ કોઇ કાળમાં;
દુર્ગા તે ગુરૂથી ટળે જીવ રહે નહિ જાળમાં.

મિત્રને દગો કરનાર વિષે છપ્પા.

અતિ દીલમાં વિશ્વાસ આપણો ભારે રાખે;
છાની ઉઘાડી વાત સર્વ તે સારી ભાખે;
હિત ઇચ્છે હમેશ દુઃખ દેખીને દાઝે;
સુણી નિંદાની વાત શત્રુને વઢવા બાઝે;
એવા મિત્રને છળ કરી અળગો રે'શે જે વળી,
દુર્ગા તે નરકે જશે તેની તો બુદ્ધિ બળી.

જુઠું બોલનાર વિશે. છપ્પા.

પશુ માટે વદી વ્યર્થ પ્રતિજ્ઞા તોડે પ્રાણી,
પુર્વજ પાંચે સાથ પડે વિષ્ટામાં જાણી;
દ્રવ્ય માટે જે જંન પ્રતિજ્ઞા ભંગ કરેછે,
શત પૂર્વજ લઇ સંગ નર્કમાં તેહ ઠરે છે.
પુત્ર દેહ વસુધા પ્રિયા તે કારણ સત્ય છોડશે;
દુરગા તે પુર્વજ બધા સાથે લઇ નરકે વસે.

કેટલાંપર ક્રોધથી દેહબધ શિક્ષા ન કરવી તે વિશે. છ૦

રાજા ગુરૂને દેવ તપસ્વી બ્રાહ્મણ જે છે,
બાળકને બહુ વૃદ્ધ અતિ વ્યાધિ જેને છે;
અબળાને દસ્બિક્ત વિકળ પશુ ને નભચારો;

કરવો નહી કદી ક્રોધ એહના ઉપર ભારી;
હોય તેનો દીલમાં ધરી સ્વલ્પ દંડ કરીએ સહી.
કે દુરમા સંકર કવિ પ્રાણુ થકી હણીએ નહી.

ઉપાયથી કોણ વશ થતું નથી તે વિષે. છપ્પો.

મણી ધર મંત્રે વશ દેવતા મંત્રે આવે;
જપથી ગ્રહ ગણ સર્વ મહા સંકટ છોડાવે;
અંકુશથી વશ હોય મહા મતઆલો હાથી,
રીઝે રાજા તત ગુન્હો ભારે પકડ્યાથી;
શાકુટ ને શઠ કામની સરખાં છે એતો સહી.
દુરમા વિશ્વ બધું મરે તોપણ કહ્યું માને નહી.

સાકુટને સ્ત્રી રીઝે ત્યારે શું મળે? છપ્પો

રાજા રીઝે તર્ત ઉંચી પદવીએ થાપે;
ગ્રહ કાપે છે દુઃખ દેવતા સિધ્ધિ આપે;
સર્પ રીઝયો પકડાય મતંગજ તે નવ મારે,
ગુરૂ રીઝે જે વાર જ્ઞાન છાનું કે ત્યારે;
સાકુટ રીઝે જો કદી ત્યારે કુબુધ્ધી દે ચહી;
દુરગા તરૂણી રીઝતાં નર્ક દ્વાર આપે સહી.

પર સ્ત્રીની ઇચ્છા રાખવી નહી તે વિશે. છપ્પો.

શાસ્ત્ર શોધતાં સર્વ વિવેક ને બુધ્ધી આવે;
ઓસડ જેમ શોધાય તેમ ગુણ વાળું કહાવે;
દધિને શોધે સાર તત્વ માખણ પાંમાશે;
દેહ શોધતાં સર્વ દેવતા ચક્ર દેખાશે;

સઘળી વાત શોધ્યા થકી શંસય તો મનનો જશે;
દુરગા ઇચ્છા સ્ત્રી તણી શોધેથી મૃત્યું થશે.

સ્નેહ કોના ઉપર થાય છે તે વિષે. છપ્પો.

દ્રવ્ય આપે છે નેહ વળી ગમતું જે કે'છે;
પાળે નિજ આસાય શત્રુનું બદ બોલેછે;
સંકટમાં થશે સ્હાય વખાણી ગુણ જે ગાશે,
પુર્ણ જાતીને સઘ તેહપર પ્રીતી થાશે;
રૂપ દ્રવ્ય અતિ કામથી ચતુરાનું ચીતડું ચળે,
દુરગા દીલ જ્યાં માનશે તેને તો નિશ્ચે છળે.

ઇશ્વરના ઉપકાર વિશે. છપ્પો.

પ્રભુએ આપ્યાં નેત્ર સકળ જગ જોવા સારૂ;
વળી આપ્યું મુખશ્રેષ્ઠ બોલવા ભાષણ પ્યારૂ;
નાક સુગંધી કાજ શ્રોત્ર સાંભળવા વાણી;
ગતિ કરવા ગોવિંદ હાથ પગ આપ્યા જાણી;
એ સઘળી ઇંદ્રી થકી ઇશ્વરની સેવા કરે;
દુર્ગા તેને ખોટ શી પ્રભુ તેની પૂઠે ફરે.

હજામ વિષે. છપ્પો.

હલકી જાત હજામ વદે બહુ વાણી હલકી;
દ્રવ્ય પામતાં ખુબ જશે ચે'લીને ચલકી;
મરડી ચાલે અંગ પાઘડી વાંકી મૂકે;
ખાય ખાસડાં ખુબ તોય ચાળો નવ ચુકે;
છાની વાત ઠેર ઠેર કરે નિર્લજ સરવે ગામની,
કે' દુરગાશંકર કવિ વિષ રૂપ વર્ણુ હજામની. ૧

નરમાં નાપિક ધૂર્ત મશ્કરી સૌની કરશે.
વરણાગી કરી ખૂબ નાત શેરીમાં ફરશે;
વઢશે જેની સાથ તેને તો આળ ચઢાવે.
સમજે નહિ નિજ દોષ બીજાનું છિદ્ર બતાવે,
માર વિના વશ રે'નહિ જૂઠો જન્મ થકી વળી;
દુરગા સાચું માનજે નાપિક જૂગ ચોથો ફળી. ૨

મહાત્મા પ્રાણી વિષે. છપ્પો.

સંકટમાં અતિ ધીર ક્ષમા સુખમાં તો ધારે,
સમય સમજી કે' વાત યુદ્ધમાં રહે હુંશીયારે;
વ્યસન જ્ઞાનનું નિત્ય રૂચિ યશમાં તો ઝાઝી,
સદ્દગુરૂનો વિશ્વાસ રહે સૌના પર રાજી;
દુષ્ટ કર્મ કરશે નહિ લાજ વધારે જેહને,
દુરગા આ દુનિયા વિષે દેવ મનુષ્ય કહો તેહને.

વિવેક વીષે. છપ્પો.

વિવેક થકી યશ થાય વિવેકે ધનને પામે;
વિવેક તણે વશ રાય વિવેકે વ્યાધિ વામે;
વિવેક મુક્તિનું મૂળ કુળ તો તેથી મોટું;
વિવેક પિતાને તુલ્ય કહે નહિ દ્વિજન ખોટું;
વિવેક ભ્રષ્ટ કદી ના થવું ધર્મ શાસ્ત્રનો ન્યાય છે;
દુરગા અવિવેકે કરી અપયશ નિશ્ચે થાય છે.

ધૈર્ય વિષે. છપ્પો.

ધૈર્ય મોક્ષનું મૂળ ધૈર્ય સંકટને ટાળે,
ધૈર્ય થકી સુખ થાય મહા મોટું કોઇ કાળે;

ધૈર્ય ધાર્યું થાય ધૈર્ય હૃદયમાં સારૂ,
ધૈર્ય તણે વશ સર્વ ધૈર્યથી કીર્તિ ચારૂ.
ધૈર્ય ધરી સબરી તરી અબળા ભીલ જાતી જુઓ,
દુરગા ભક્તિ ધૈર્યથી ધ્રુવ ગ્રહથી ઉંચો હુવો.

સતસંગ વિશે. છપ્પો.

સતસંગે સુખ થાય જ્ઞાનને નીતિ આવે,
સતસંગે પૂજાય બ્રહ્મનો મહિમા ભાવે;
સતસંગે હમેશ મન નિર્મળ બહુ રે'છે,
સતસંગે પરમાર્થ વસ્તુ પોતે જાણે છે;
સંગ થતાં પારસ તણો લોહ સુવર્ણજ થાય છે,
દુરગા સાધન મુક્તિનું આદ્ય એતો ઓળખાય છે.

ક્ષમા વિષે. છપ્પો.

ક્ષમા ખડગ છે તિવ્ર ક્ષમા ભયથી ઉગારે,
ક્ષમા જીવની માત ક્ષમા સંપત્તિ ભારે;
ક્ષમા ક્લેશનો કાળ ક્ષમા યશ બહુ વિસ્તારે.
ક્ષમા કરે ખુબ સ્હાય ક્ષમા વે'રીને મારે,
ક્ષમા ખડગ જેણે ધર્યું તે દુરીજનથી નાડરે;
દુરગા નિશ્ચે માનજે ક્ષમા શાન્તિ ઉદ્ભવ કરે;

વૈરાગ્ય વિશે. છપ્પો.

વૈરાગ્યે અભિમાન દૂર જોતામાં જાશે;
વૈરાગ્યે વળી સ્નેહ પ્રિયામાં થોડો જાશે;
વૈરાગ્યે કરી તાપ ત્રિવિધી તેનો ટળશે;
વૈરાગ્યે કરી તર્ત કૃપા સદ ગુરૂની ફળશે;
વૈરાગ્યે કરી સર્વ આ જગત જુઠુંજ જણાય છે;

કે' દુરગો વૈરાગ્યથી પુર્ણ મણુ ઓળખાય છે.

સંતોષ વિશે. છપ્પો.

સ્વર્ગ લોકનું સુખ રહ્યું સંતોષમાં ભારે;
ગજધન ગૌધન રાજ્ય તુચ્છ તેનાથી ધારે;
થાય ખેદનો નાશ અતૃપ્તિ આવી નાસે;
દીલમાં રહે આનંદ ફંદ આ ભવનો જાશે;
સંતોષ જેને ના વળ્યો તેનું તો દુઃખ ના ટળે,
દુરગા સુખ નવ ધારવું ત્રણ લોક તેને મળે.

સત્ય વિશે. છપ્પો.

સત્યે કીર્તિ થાય સત્યથી વાણી ફળશે,
સત્યે પાપ પળાય સત્યથી વ્યાધિ બળશે;
સત્યે વશ ગુરૂ મિત્ર સભામાં સત્યજ તરશે,
સત્યે સેવક થાય સત્ય શત્રુને હરશે;
સત્ય વચન જે પાળવું તેથી તપ બીજું નથી;
કહે દુર્ગાશંકર કવિ સત્ય વડું છે સર્વથી.

શાન્તિ વિશે. છપ્પો.

શાન્તિ હણે સઉ પાપ ભજનમાં ભંગ ન પાડે,
શાન્તિ કરે વૈરાગ્ય આત્મ વસ્તુ દેખાડે;
કામ ક્રોધને લોભ શાન્તિ દેખીને નાસે,
મોહ મચ્છર અહંકાર તેહ શાન્તિથી નાસે;
ધર્મપત્નિ સતનું સદા શાન્તિ તો સુખ આપશે,
દુર્ગા દુઃખ સંસારનું શાન્તિ નિશ્ચે કાપશે.

દયા વિશે. છપ્પો.

દયા ધર્મનું મૂળ દયાથી બુદ્ધિ સાચી,

દયા દાનમાં શ્રેષ્ઠ દયા સૌને સુખકારી;
દયા થકી દુ:ખ દુર દયાથી દેવજ ફળશે,
દયા થકી મદ નાશ મોક્ષ પદવી તો મળશે;
દયા કદી નવ છોડવી જ્યાં સુધી ઘટમાં પ્રાણ છે,
કે' દુરગાશંકર કવિ વેદ વચન પરમાણ છે.

નમ્રતા વિશે. છપ્પા.

નમ્રપણાથી દોષ હોય પણ નવ દેખાશે,
નમ્રપણાથી તર્ત વેરી વસમો જીતાશે;
નમ્રપણેથી થાય જકતમાં કીર્તિ ભારે,
નમ્રપણે લેણદાર ઘણી ધીરજને ધારે;
નમ્રપણા જેવી કળા દુનિયામાં બીજી નથી;
દુરગા તેને રાખવી કવિજન કે'છે સર્વથી.

શ્રદ્ધા વિશે. છપ્પા.

શ્રદ્ધાએ વિશ્વાસ શાસ્ત્ર શ્રદ્ધાથી ફળશે;
શ્રદ્ધાએ નહી વે'મ ધર્મ શ્રદ્ધાએ પળશે;
શ્રદ્ધાએ દાતાર વગર માગે સૌ આપે;
શ્રદ્ધાએ ગુરૂ દેવ મહા સંકટને કાપે;
શ્રદ્ધાએ મુક્તિ મળે વેદ તણો એ ન્યાય છે,
કે' દુર્ગા વિશ્વાસથી વિશ્વપતિ વશ થાય છે.

કામ વિશે. છપ્પા.

કામ કરાવે વેર કામ મુખ બહુ ભાખે,
કામ કપાવે શીશ કામ પરવશ જીવ રાખે;
કામ ખુટાડે દામ મણ સ્વપ્ને નવ આવે,

કામ કરાવે ક્લેશ લાજ મરજાદ મૂકાવે;
બળ બુદ્ધિ ધન ધર્મ તે કામ થકી સઘળું જશે,
કે' દુરગાશંકર કવિ કામે યશ નઓળો થશે. ૧
રાવણનાં દશ શીશ કામથી રામે કાપ્યાં,
કામે પામ્યો શ્રાપ ઇંદ્ર ભગ અંગે વ્યાપ્યાં;
કામે કોપ્યા શીવ કામને નાંખ્યો બાળી,
કામે હણાયો વીર મહા બળવાળો વાળી;
કેટલાએક આ લોકમાં કામી અવગતીયા થયા,
દુરગા સાચું માનજે વ્યભિચારી નરકે ગયા. ૨

ક્રોધ વિશે. છપ્પા.

જેને ઝાઝો ક્રોધ રહે તે સદા ઉદાસી,
જેને ઝાઝો ક્રોધ જશે ઘર મુકી નાશી;
જેને ઝાઝો ક્રોધ ક્લેશ મિથ્યા તે કરશે,
જેને ઝાઝો ક્રોધ ચિત્ત તેનું નવ ઠરશે;
જેને ઝાઝો ક્રોધ તે મરશે કે વળી મારશે,
દુરગા ક્રોધી ક્રોધમાં વાક્ય ખોટું ઉચ્ચારશે. ૧
જેને ઝાઝો ક્રોધ તેના ગ્રહ નબળા જાણો,
જેને ઝાઝો ક્રોધ મૂરખ તેને પરમાણો;
જેને ઝાઝો ક્રોધ તેજ સૌને દંડાશે,
જેને ઝાઝો ક્રોધ તેજ પુઠે પસ્તાશે;
જેને ઝાઝો ક્રોધ તે સદાય દુખીયો જાણવો,
કે' દુરગાશંકર કવિ ક્રોધ કદી ના આણવો. ૨

લોભ વિશે. છપ્પા.

જેને ઝાઝો લોભ તેજ સૌને વટલાશે,

જેને ઝાઝો લોભ લેહ હલકો બહુ થાશે;
જેને ઝાઝો લોભ ઠરી તેતો નવ બેસે,
જેને ઝાઝો લોભ વચન જુઠું તે કહેશે;
લોભીનું આ જગતમાં નિશ્ચે નીચું કુળ છે,
દુરગા સાચું માનજે લોભ પાપનું મુળ છે. ૧
જેને ઝાઝો લોભ વિવેક તેનાથી છેટા,
જેને ઝાઝો લોભ તેજ જઇ નરકે પેઠા;
લોભી ઝાઝો જાન શરમ કોઇની નવ રાખે,
લોભી ન ભજે લાભ નિશ્ચલો નિશ્ચે નાંખે;
જેને ઝાઝો લોભ તે સદગુરૂ પ્રભુને ના ભજે,
દુરગા એવું પામતાં લોભી લાલચ ના તજે. ૨

મોહ વિશે. છપ્પા.

જેને ઝાઝો મોહ કરે તે કામજ ખોટું,
જેને ઝાઝો મોહ દુઃખ તે પામે મોટું;
જેને ઝાઝો મોહ કરે તે અવળા પુઠે,
જેને ઝાઝો મોહ તેના તો ઇશ્વર રૂઠે;
મોહ મહા શત્રુ ગણો ઝાઝો ઝેરી નાગ છે,
દુરગા જ્ઞાની પણ મોહ તેને શીર વાઘ છે. ૧
શીવજી પામ્યા મોહ મોહીની દીઠી જ્યારે,
શૃંગી પામ્યા મોહ ભજ્યા રંભાને ત્યારે;
બ્રહ્મા પામ્યા મોહ પુત્રીની પુઠે ધાયા,
લાજ્યા તેના બાપ બાળી દીધા તે કાયા;
માટે મોહ તજી સદા ઇશ્વરને ભજવા સહી;
કે દુરગાશંકર કવિ મોહ સમો વેરી નહી. ૨

મદ વિશે. છપ્પા.

જેને મદ વિશેષ ગમે તેવું તે બોલે,
મદથી જાણે મન જકતને તરણા તોલે;
મદથી લોચન લાલ કેફ મંદીરાથી ભારે,
મદથી મન રહે દુષ્ટ જીવને મિથ્યા મારે;
જેને મદ વિશેષ તે અણુચરતું બહુ આચરે
દુર્ગા મદથી માનવી વિકળ મનુષ્યત્વ પણ હરે. ૧
જેને મદ વિશેષ કરે અવળો સૌ ધંધો,
જેને મદ વિશેષ નેત્ર છે તો પણ અંધો;
જેને મદ વિશેષ નડે સારાને તે તો,
જેને મદ વિશેષ નામ પ્રભુનું નથી લેતો;
જેને મદ વિશેષ તે વાર્યું કોઈનું ના કરે,
દુરગા મદ મત્સર થકી વણ મોતે નિશ્ચે મરે. ૨

અહંકાર વિશે. છપ્પો.

ગર્વ થકી સુખ જાય ગર્વથી અપયશ આવે;
ગર્વે જ્ઞાન હણાય ગર્વથી હલકો કહાવે;
ગર્વે હરે હરિ ગર્વથી કીરત જાશે;
ગર્વે થાય દુર્બલ ગર્વથી ખત્તાં ખાશે;
ગર્વ નર્કનું ધામ તે તો જાણું ભારીઓ;
દુરગા તે દુનિયા વિષે જીવી ખાલી હારીઓ. ૧
કૌરવ કેરો રાજ ગર્વથી સહુ રોળાયો;
ગર્વ થકી ભૂપાળ બાણાસુર વિષે ખપાયો;
ગર્વ થકી ગંભીર સિંધુ ખારો થઈ બેઠો;

ઉંદ્ર થકી ત્યાં રાય વળી બાળકો પંડે;
માયાનું મૂળ ગર્વ છે તેથી બીવું સર્વદા;
કહે દુરગાશંકર કવિ ગર્વ રીપુ તજજો સદા. ૨

આશા વિષે. છપ્પો.

આશાનો નહી પાર મહા સરીતા તેહ એ છે;
તેમાં તો નીશદીન મનોરથ પાણી વે'છે;
તૃષ્ણા ઘોર તરંગ કિનારા ચિંતા જાણો;
પક્ષિ તર્ક વિચાર વિષય ભમરા પરમાણો;
એવી એ આશા નદી તેતો બાંધી છે બહુ;
દુરગા એક જ્ઞાની વિના તેમાં તો બુડયું સહુ.

તૃષ્ણા વિષે. છપ્પો.

સોએ તૃષ્ણા થાય સહસ્ર ક્યારે પામાશે,
સહસ્ર મળે જે વાર લાખની આશા થાશે;
લાખ મળેથી લાભ કોટીથી વધતો ધારે;
સ્વર્ગ મૃત્યુનું રાજ હવે મળશે તે ક્યારે;
તે પામે શાન્તિ નહી એમ આ વૈજોગ છે;
દુરગા દીલ એમ ધારશે તૃષ્ણા મોટા રોગ છે.

ચિંતા વિશે. છપ્પો.

ચિંતા ચુસે હાડ માંસ ચિંતાથી ગળશે;
વિકળ થશે વળી ચિત્ત વિત્ત ચિંતાથી ટળશે;
ચિંતાથી ધન ધાન્ય સ્નેહી નવ લાગે પ્યારું;
અમૃત જેવું અન્ન ગળે નહિ દીલથી સારું;
રૂપ રંગ ને ચાતુરી ચિંતાથી ઘટશે સહી;

કે' દુરગાશંકર કવિ ચિંતા સમ દુખડું નહિ,

હિંસા વિશે. છપ્પો.

હિંસાએ મતિ ભ્રષ્ટ થાય અપકીર્તિ ઝાઝી;
હિંસાએ અતિ કષ્ટ રહે નહી ઇશ્વર રાજી;
હિ ાએ સત કર્મ બળી જોતાંમાં જાશે;
હિ ાએ આયુષ્ય દેહતું ઓછું થાશે;
[illegible] ા જે પ્રાણી કરે તેતો નરકે સંચરે;
[illegible] દેહ પડયા પછી નીચ જગોએ અવતરે.

ઇરષ્યા વિશે. છપ્પો.

ઇરષ્યા આણે ખેદ સુખ સામાનું જોઇ;
ઇરષ્યા મોટો રોગ વૈદ તેનો નહી કોઇ;
ઇરષ્યા રાખે થાય કૃત્ય ખોટું બુદ્ધીથી;
લેશ માત્ર નથી સુખ વિચારી જોતાં એથી;
માટે ઇરષ્યા જે કરે તેનો દેહ સુકાય છે;
દુરગા સાચું માનજે દૂખી નરકે જાય છે.

મલીનતા વિશે. છપ્પો.

મલીન પણે આચાર વેગળો રે'શે ભાઇ,
મલીન પુરૂષની પાસ બેસે નહી કોઇ જાઇ;
મલીન પણે શુધ્ધ દેવ સહનથી નાશી જાશે,
મલીન પણે અવિચાર ચિત્તમાં બહુ ફેલાશે;
મોટા પુરૂષને ઉંચ કુળ આચારે ઓળખાયછે,
દુર્ગા તન મન બધ્ધથી ઇશ્વર છેટા થાય છે.

મન વિશે. છપ્પા.

મનથી જગ જીતાય મનથી હિંમત હારે,
મનથી કર્મ કરાય મનથી ધ્યાનજ ધારે;
મનથી વ્યાપે કામ મનથી બ્રહ્મ ભજાશે;
મનથી પ્રીતી થાય મનથી સ્નેહ તજાશે;
બંધન ને મુકિત તણું મોટું કારણ મન છે.
દુરગા મન જે જીતશે તેવા પુરૂષને ધન્ય છે.

બુદ્ધી વિષે. છપ્પા.

બુદ્ધિ તપાવે મન બુદ્ધિ ધન ધન્ય અપાવે;
બુદ્ધિ વધારે લાજ બુદ્ધિ ઈજ્જત ખોવરાવે;
બુદ્ધિ કરાવે કેદ બુદ્ધિ શિર છત્ર ધરાવે;
બુદ્ધિ કરાવે પાપ બુદ્ધિ તો જ્ઞાન અપાવે;
બુદ્ધિ બગડે જેહની તેનું બગડયા કાળ છે;
દુરગા સાચું માનજે બુદ્ધિ જીવ રખવાળ છે.

ઇંદ્રિઓના વિષયથી દુઃખ છે તે વિશે. છપ્પા.

મૃગનું રાગે મોત પતંગ દ્રષ્ટિથી બળશે;
કરી વ્યાપેથી કામ અજાડીમાં રળવળશે;
મીન કણુકને માટ સ્વાદથી તર્ત ઝલાશે,
કમળ વાસના કાજ ભમર તેમાં બંધાશે;
એક એકથી એક એક મરે એવો એ સંજોગ છે,
દુર્ગા એ પાંચે હશે તેના પુરા ભોગ છે.

કઈ જગાએ મન ભ્રષ્ટ થાયછે તે વિશે. મનહર છંદ.

સુંદર શરીરે હોય સુલોચના નારી જેહ,
શણગાર સજી જ્યારે ગીતને તે ગાય છે;

અમળો એકીલી હોય એકાંત જગામાં વળી,
તેવા વખતમાં તે ઠેકાણે જવું થાય છે;
વિષય જોવામાં આવે પશુ પક્ષિ મનુષ્યના,
વિહારની વાણી જ્યારે કાનથી સૂણાય છે;
દુરગાશંકર કહે આટલે ઠેકાણે વળી,
ડાહ્યો હોય તોય તેની બુદ્ધિ ભમી જાય છે. ૧

જાતરાળુ જંન ઝાઝા જે ઠેકાણે થાય ભેગા,
પુર્ણ પે'રી પ્રેમદાનાં વસ્ત્ર ગીત ગાય છે;
શરીરે રૂપાળો છેલ વ્યભિચારી ને પ્રપંચી,
એવા પુરૂષને એક દૃષ્ટિથી જોવાય છે;
વિષય જોવામાં આવે વિહાર સૂણાય ખૂબ
કુલટા કપટી કેરો ક્ષણ સંગ થાય છે;
દુરગાશંકર કહે આટલે ઠેકાણે વળી,
શુદ્ધ નારી હોય તોય વિવેક ભૂલાય છે. ૨

ડાહ્યા કોણ તે વિષે. મનહર છંદ.

બાળકનું પોષણ તો પશુ પક્ષિ સર્વ કરે,
ઘર બાંધવાનું ઘણું સુઘરીને ભાન છે;
દૃષ્ટિ બાંધવાની કળા મદારીમાં મોટી રહી,
દ્રવ્ય મંન હરવામાં વેશ્યા બુધ્ધિવાન છે;
દુધને માખણ ઘૃત બિલાડી ખોળીને ખાય,
ઘરેણું ઘાલવા તણું રાંડવાને તાન છે;
દુરગાશંકર કહે ડાહ્યા પર ઉપકારી,
બીજા બધા મૂરખ ને ફોગટ ગુમાન છે;

સંત પરમાર્થી છે તે વિષે. મનહર છંદ.

વિવાહનો કરાવનારો સપાડુ કે ઇચ્છેલાંચ,
કૂવા ધર્મશાળા નામ અભિમાને થાય છે;
કીરતી કરવા કવિ જાચકોને આપે દાન,
તેમાં વળી પામવાની ઇચ્છા તો રખાય છે;
પુત્ર ધન પામવા કે રોગ નાશ થવા સાર,
દેવતા સેવીને બ્રહ્મ ભોજન કરાય છે;
દુરગાશંકર કહે સર્વમાં સ્વારથ રહ્યો,
પર ઉપકારી પ્રાણી મુક્ત તો કે'વાય છે.

જગત અવળું છે તે વિષે. છપ્પો.

જીવતાં જળ નવ પાય મુવે મોદક ખવરાવે,
કડવું હરીનું નામ કુથલી કરશે ભાવે;
વસમાં ગુરૂનાં વેણ વ્હાલી વીનતાની વાણી,
મરશે તેની પુંઠ રડે બહુ રાગજ તાણી;
કંકોતરીમાં કોઇ સમે ગમતું પ્રભુનું ના કહ્યું,
દુરગા દુનિયા કે' મુવે ઇશ્વરનું ગમતું થયું.

પ્રભુ ભજતાં અંત્રાય કરનાર વિશે. છપ્પો.

તજ્યો પીતા પ્રલ્હાદ જનુની ભરતે ત્યાગી,
ત્રરુષી પત્નિ તજી કંથ વિષ્ણુને પાયે લાગી;
તજ્યા ગુરૂ બળીરાય દાન ઇશ્વરને આપ્યું,
ભર્થરીએ તજી નાર સુખ બ્રહ્માનંદ વ્યાપ્યું;
ઇશ્વર ભજતાં ખાળશે તેને તો તજીએ સહી,
કહે દુરગાશંકર કવિ દોષ તેનો બિલકુલ નહીં.

દૈવગતિ વિશે. છપ્પા.

ક્યાં ધોબીને રામ વચનથી સીતા ત્યાગી,
ક્યાં દશરથ દ્વીજ તંન ત્રણ હત્યાઓ લાગી;
દ્રુપદીનો શો વાંક ચીર પાપીએ તાણ્યાં,
ઘરથી નવ નીકળાય સભામાં તેને આણ્યાં;
ગૌતમની જે કામની વ્યભિચારી ક્યારે હતી;
દુરગા તજ ઉદ્વેગ તું દૈવતણી મોટી ગતિ. ૧
બળીને કરતાં પુંન્ય પડયું પાતાળે રે'વું;
વેચાયો હરિચંદ્ર પુન્ય કરતાં શું કે'વું;
સાચી કે'તાં વાણ ગરૂડની મા થઇ દાસી;
દમયંતી કરી ત્યાગ નળે મિથ્યા ચુક ભાસી;
વણ ચોર્યે ચોરી ચઢી કૃષ્ણ તણે શીર મણી તણી;
દુરગા દૈવ મટાડવા બુધ્ધિ નવ ચાલે વળી. ૨
નૃગને કરતાં પુંન્ય નશીબ આવીને નડીયું;
મિથ્યા લાગ્યો શ્રાપ ઘણાં વરસો દુઃખ પડીયું;
કરતાં શુભ ઉપદેશ કુબેરનું દ્રવ્ય ગયું છે;
વિભિષણનું પણ તેમ ઘણું અપમાન થયું છે;
વચન રામનું પાળતાં લક્ષ્મણને દુઃખ આવીયું;
દુરગા સતી સીતાજીને દૈવે ખોટું બોલાવીયું. ૩
વર્ષા ઋતુની માંય જવાસો સૂકાઇ જાશે;
દિવસે દેખે સર્વ ઘુવડ તો અંધો થાશે;
આપે કન્યાદાન કુંવર ઘર સારૂં જોઇ;
રાંડે રામા તર્ત એમાં શું કરશે કોઇ;

ગુરૂ શિખામણ આપતાં અવળું કૃત્ય કરાય છે;
દુરગા દૈવતણી ખુબી જન્મેજયથી જણાય છે. ૪

ઇંદ્રવિજય છંદ.

ઇંદ્રને બ્રેહસ્પતિ જેવો પુરોહીત ઇંદ્રાણી જેવી રતિ તુલ્ય નારી;
દેવતા સર્વનો સ્વામિ થયો ત્યમ સ્વર્ગનો કિલ્લો સદા સુખકારી;
ઐરાવત આદિ રત્ન રહ્યાં ઘેર વિષ્ણું તણી તો કૃપા શિર ભારી;
દુરગારામ કહે તોય દૈત્યોએ દુઃખ દીધું દૈવની ગતિ ન્યારી. ૧

સ્થાનક તેવો ગુણ તે વિષે. મનહરછંદ.

સ્વાતિતણું બુંદ જઇ પડે સિંધુની સુનામાં,
ત્યારે તેનું મોતી બની વિશ્વમાં વેચાય છે;
વ્યાળના વદન વિષે થશે વિષ રૂપ તેહ,
કેળામાં કપુર થાય એવો મહીમાય છે;
ગંગોદક લાવી કોઇ ખાળ વિષે રેડે જ્યારે,
ત્યારે શુધ્ધતા મટીને માત્મ તેનું જાય છે;
દુરગાશંકર કહે જેવો જેને થાય સંગ,
તેવો હેનો ગુણ તેજ કિંમતજ થાય છે. ૧
કલાલનો સંગ કર્યે મદ્યપાની કહે લોક,
ઝાઝે દહાડે તેની જોડે મદ્ય તો પીવાય છે;
વ્યભિચારી મિત્ર કર્યે વ્યભિચારી ધારે લોક,
સંગને પ્રતાપે નક્કી વ્યભિચાર થાય છે;
તસ્કરના સંગ થકી અધિકારી જુએ ઘર,
સાંજે સવારે લાલચથી ચોરવા શીખાય છે;

દુરગાશંકર કહે સોનામાં કથીર ભળ્યે,
કિંમત ઘં ને કાન્તિ ઝાંખીજ જણાય છે. ૨

ધીરજ વિષે સમુદ્રાન્યોક્તિ. ઈંદ્રવિજય છંદ.

લક્ષ્મીપતીએ શયન્ન કર્યું વળી મૈનાક પર્વત આવી છુપાગો,
વેરી વસ્યો વડવાનળ બાળવા મચ્છને કચ્છથી પુર્ણ ભરાયો;
સર્વ સરિતાઓ આવી મળી વળી રત્નને કારણ ઔં' વલોવાગો,
દુરગારામ કહે તોય સાગર ધન્ય તને ન કદી અકળાયો.

કૃપણ વિષે સમુદ્રાન્યોક્તિ. ઈંદ્રવિજય છંદ.

પાણી તણો નથી પાર તથાપિજ સર્વ સરિતાઓ આવી મળે છે,
તોપણ અર્ણવ ખારો થયો ખુબ તરસ્યા તને જોઇ પાછા વળેછે;
તારા વિષે જેહ જીવ રહ્યા તેને જીવાડે અન્ય જીવો કકળે છે,
દુરગારામ કહે ધિક્ક સાગર સારો કૂવો તેથી તર્ષ ટળે છે.

મુરખના મિથ્યાભિમાન વિષે, બકાન્યોક્તિ. ઈંદ્રવિજય છંદ.

માન સરોવરમાં જનમ્યો નથી વાસ કર્યો નથી પંકજ જ્યાંહી,
બ્રહ્માના વાહનને નથી યોગ્ય જવાની ગતિ નથી સ્વર્ગની માંહી;
જે થકી થાય જરા મન રંજન શબ્દ એવા શુધ્ધ બોલતો નાંહી,
દુરગારામ કહે બક મૂરખ ગર્વ ધરે એક શ્વેતની માંહી. ૧
વાસ કરે નળી નીદળ વૃંદમાં ઈંદ્ર કૃપા થકી સ્વર્ગમાં ડોલે;
મંદ મંદ ગતિ ચાલે તું ચર્ણથી શબ્દ સુધા તુલ્ય મુખથી બોલે;
નિર્મળ છે વપુ શ્વેત તેનો ધરી ગર્વ થઉં રાજહંસની તોલે;
દુરગારામ કહે થાય કિંમત નીરને ક્ષીર જ્યાં એકઠાં મેલે. ૨

અંત્રાય કરનાર વિષે, બબ્બુલાન્યોક્તિ. ઈંદ્રવિજય છંદ.

સુવાસનાવાન પુષ્પ નથી તેમ કંટકે ગાત્ર ભરેલુજ તારૂં;
છાંયડે આવી ન ઉભું રહે કોઇ બેસાનાં વેદના વાધશે વારૂ;
ક્ષુધારથી કેરો અર્થ સરે નહી થાય નિરાશ જોઇ ફળ તારૂં;
દુરગારામ કહે તોય બાવળ વાડ થયો વળી રોકવા સારૂ.

કિંમત કરનાર વિના કળા વ્યર્થ છે તે વિશે. ઈંદ્રવિજય છંદ.

નાગડાના વળી નગ્ર વિશે રહી ધોબી ધુત્રે શું કહો તમે ભાઇ;
વ્યંડળ જ્યાં વસતા હશે લોક ત્યાં પાતર શું લે દુકાન જમાઇ;
નિર્લજ સૂમ હશે જ્યાં સભા સઉ ત્યાં શું મળે કવિ સદગુણુ ગાઇ;
દુરગારામ કહે નહી ગ્રાહક ત્યાં ગુણુવાન મરેજ કુટાઈ.

અતિ દુઃખ વિશે, ઈંદ્રવિજય છંદ.

કુગ્રામ વાસ કલંક કુ ભોજન કામની હોય સદા કલેશકારી;
નિર્ધન જીંવું પ્રજા હોય પાપણી દુષ્ટતણી વેઠવી તાબેદારી;
પ્રિત્ય પરાણે અદાતાને જાચવું કિંમત વિના કળા કે'વી સારી;
દુરગારામ કહે દુઃખ એટલાં દુર્બળ દેહ કરે અતિ ભારી.

કેટલા દોષથી નહાવું પડે તે વિશે, ઈંદ્રવિજય છંદ.

તેલ ચોળે, અને ક્ષૌર કરાવશે શમશાનમાં શબ બાળવા જાશે;
શ્રાવકનો હોય જેહ અપાસરો તેહમાં જાણે અજાણે જવાશે;
સિપાઇ ચાંડાળને જન સૂતકી રામા રૂતુ વાળીનો સ્પર્શ થાશે;
દુરગારામ કહે દોષ એટલા સ્નાન કર્યા થકી સઘ પળાશે.

કેટલાંને, ઉંઘમાંથી જગાડવાં નહી તે વિષે. ઈંદ્ર વિજય છંદ.

પન્નગ વાઘને મૂરખ આકળો બાળક નાનું હશે જેહ ભાઇ
રાત્રી ઉજાગર ને અવની પતિ રોગી ગુરૂ વ્યસની ને ગોસાઇ;

પારકી શેરી તણા શ્વાન ને પશુ ત્રિપળ છે હશે જેહ કોઇ;
દુરગારામ કહે ન જગાડીએ એટલાંને ઉંઘમાંથી બોલાઇ;

કેટલી વસ્તુ સદા પવિત્ર તે વિશે ઈંદ્રવિજય છંદ.

મક્ષિકા વન્હિ મહાજનને દાભ લીંપ્યા વની જેહ ઉર્વી જણાશે;
બાળક નાનું બિલાડી ને કામળી ધેનુ એતો સદા શુધ્ધ કે'વાશે;
સંતોષી બ્રાહ્મણને સતી સુંદરી સદ્ગુરૂ જે થકી જ્ઞાન પમાશે;
દુરગારામ સદા શુધ્ધ એટલાં એહનો દોષ તો વાયુથી જાશે.

કેટલાંનો વિશ્વાસ ન રાખવો તે વિશે. ઈંદ્રવિજય.

પરદેશી પારધી ને વૈદ લોભીયો કામની તસ્કરને વ્યભિચારી;
પંચ નખા જીવને શીંગડાં વાળા ઝેરી અરી તામસી શસ્ત્ર ધારી;
દેવતા મેલા મહા જળ ને રાય બુધ્ધિ વનો જેહ મૂરખ ભારી;
દુરગારામ કહે એહ સર્વનો વિશ્વાસ રાખે તો નાંખશે મારી.

સર્વેનું બળ શું તે વિશે ઈંદ્રવિજય છંદ.

દુષ્ટ તણું બળ ઘાત કરે એહ શાંતી ક્ષમા જોર સંતમાં રે'છે;
સુંદરીનું બળ વાણી સુકોમળ યાચકનું બળ ઉપમા કે' છે;
બાળકનું બળ રાગ તાણી રડે પંડીતનું બળ જ્ઞાન કહે છે;
દુરગારામ કહે બળ ભૂપનું ન્યાયને ફોજ એ બેઉ વદે છે.

સર્વેનું ફળ શું તે વિશે. ઈંદ્રવિજય છંદ.

વેદ તણું ફળ બ્રહ્મને જાણવા શાસ્ત્ર તણું ફળ સદ્ગુણ એ'વો,
પ્રેમદાનું ફળ પુત્ર થવો એહ પુત્ર થયે ફળ વૈરાગ્ય લેવો;
દ્રવ્ય તણું ફળ પુન્યને કીરતી બુધ્ધિ તણું ફળ ઉપદેશ કે'વો,
દુરગારામ કહે ફળ જીવ્યાનું જક્ત વિષે જશ નિર્મળ રે'વો.

જીવતાને સૌ મળે તે વિશે. ઇંદ્રવિજય છંદ.

રંકનો રાય બને કોઇ કાળમાં વૃદ્ધ થયેલો વરે ફરી જાયા,
રોગીયા રોગથી મુક્ત થશે વળી નિર્ગુણ વેદ ભણી થશે ડાહ્યા;
વન વિષે શુભ વસ્તી થશે સમ મૂરખ તો મેળવે ઘણી માયા,
દુરગારામ કહે નર જીવતો સર્વ મળે ન મળે એક કાયા.

એક એકથી છુપે નહીં તે વિશે. ઈંદ્રવિજય છંદ.

મોર છૂપે નહીં ઘોર ચઢે ધન લોભી છૂપે નહીં લાલચ દીધે,
કંજ છૂપે ન પ્રભાકર પેખતાં કામી છૂપે ન કટાક્ષ સ્ત્રી કીધે;
ભીડ પડે ભાઇબંધ છૂપે નહીં ભકત છૂપે ન હરી નામ લીધે,
કે' કવિ દુરગારામ કહું સચ દાતા છૂપે નહીં યાચના કીધે.

કઈ વસ્તુ ખાધેથી વ્રત ભંગ ન થાય તે વિશે. ઈંદ્રવિજય છંદ.

દૂધ દધી ઘૃત ઔાષધને ફળ ઇક્ષુ એ તો વૃતમાંહી ખવાશે,
સદ્ગુરૂ સંત વદે અંન ખાવું તો પાળી વચંન તે અંન જમાશે;
આપદા દેહ પડે એવી આવતાં ટેક તજી દેહ રાખવો ત્રાસે,
દુરગારામ કહે એટલાં થકી વેદ વદે વૃતનું ફળ થાશે.

ખોટી જગાએથી પણ સદ્વસ્તુ લેવી તે વિશે. ઇંદ્રવિજય છંદ.

ઝેરમાં જો કદી અમૃત હોય તો તેટલું તેમાંથી ખોળીને લેવું,
દુષ્ટ જગામાંથી શુદ્ધ કરી રત્ન રાખવું જાળવીને ઘેર તેવું;
બ્રહ્મનું જ્ઞાન હશે શુદ્રમાં કદી તોપણ પામો અતી રાજી રે'વું,
દુરગારામ કહે દુષ્ટ કુળથી કન્યા હશે શુદ્ધ તો કાંડુ એ'વું.

પ્રસ્તાવિક ઈંદ્રવિજય છંદ.

ઉત્તમ કુળમાં કન્યા તો આપવી પુત્રને વિદ્યા દેઇ ખુશી થાવું;
શત્રુને સંકટમાં નાંખવો વળી રોગ થયે રોજ ઓસડ ખાવું;

જ્હાથી વસ્તુ ધર્મ ઠેકાણે આપવી નીતિ થકી અતિ દ્રવ્ય કમાવું;
દુરગારામ કહે દુઃખ ટાળવા સંત સમાગમ કરવા જાવું. ૧
મૂળ થકી વદવુંજ વિચારીને બોલ્યા પછી તેહ પાળવું ભાઇ;
ન્યાયમાં શાસ્ત્રને રૂઢી તપાસવી દ્રવ્યને આપવું સાક્ષી બોલાઇ;
ધ્યાન પ્રભુનું એકાંતમાં ધારીએ પાત્રને ઉપદેશ દેવો બતાઇ;
દુરગારામ કહે પ્રશ્ન પૂછવું નિર્માની સંતને શરણે જાઇ. ૨
દ્રવ્યને નીતિ થકી રાખવું તેમ સર્વ જતાં જર કામની આણો;
વિધા ગુરૂની વિશેષ સેવા કરી દેવને શાસ્ત્રનાં તત્વને જાણો;
સંત તણો કરી રોજ સમાગમ સંસારથી વાસના પાછી તાણો;
દુરગા રામ કહે દ્રવ્ય દારાથી દેહ ઉગારી પ્રભુને વખાણો. ૩

પ્રભુથી ડરેછે તે તરેછે તે વિશે. ઇંદ્રવિજય છંદ.

દોષ વિના કહો કુળ કોનું દીસે તાપ ત્રિવિધિથી કોણ ઠર્યો છે;
સુખ નિરંતર કોને રહ્યું વળી આશા ને ત્રષ્ણાથી કોણ તર્યો છે;
અવતર્યો તે ધણી કોણ મુવો નથી અર્થમાં દોષ તે કોણે હર્યો છે;
દુરગારામ કહે તે તર્યો જંન જે ધણી જક્તપતિથી ડર્યો છે.

દુષ્ટ દેવને પણ નડે તે વિશે. ઇંદ્રવિજય છંદ.

ભસ્માસુરે શીવને દુઃખ દીધુંને રામની રાવણ લઇ ગયો નારી,
શંખાસુરે પરમેષ્ટી છળ્યા તેમ શક્તિને શુંભ નિશુંભ સુરારી;
ચંદ્રને સુર્યનો રાહુ રીપુ તેહ રોજ નડે છે જુઓને વિચારી,
દુરગારામ કહે દુષ્ટ તો નડે દેવીને દેવની તુલ્ય તો ભારી.

એકથી એકની પરીક્ષા થાય તે વિશે ઇંદ્રવિજય છંદ.

સોના તણી શુભ કિંમત થાયછે કાપ્યે ઘસ્યે તાપમાંહી ઉકાળ્યે;
મિત્રની તેવી રીતે થશે કિંમત સંકટ આવી પડે તેહ કાળે;
પ્રેમદા કેરી પરીક્ષા પ્રસિદ્ધ છે દળદર આવે પ્રતિજ્ઞા જો પાળે;
દુરગારામ કહે નીચ ઉંચનો નિશ્ચે થશે કૃત્ય તેનાં નિહાળ્યે.

ગરજ વિષે વૈદ વેરી. ઇંદ્રવિજય છંદ.

વિદ્યા ભણ્યા પછી શિષ્ય ભૂલે ગુરૂ રોગ મટે રોગી વૈદ વિસારે;
પતિનો સ્નેહ થશે એટલે પુત્ર માબાપનું કહ્યું મંન ન ધારે;
જાચક વિપ્ર છોડે જજમાનને દક્ષણા પ્રાપ્ત થશે તેહ વારે;
દુરગારામ કહે અર્થ સાધીને કૃતઘ્ની તો તજે તેહ પ્રકારે.

વિધાતાને ઠપકો. ઇંદ્રવિજય છંદ.

દાતારને દુબળો કર્યો વિશ્વમાં કોયલ પક્ષિ તણો દેહ કાળો;
ચંદન વૃક્ષને પુષ્પ નથી તેમ વિદ્વાનનો નથી રાગ રૂપાળો;
સુલોચનાનો પતિ મૂર્ખ રોગીયો રાજા તથી દીર્ઘ આયુષ્ય વાળો;
દુરગારામ કહે મેં વિધાતાને ન્યાયમાં કેવળ મૂરખ ભાળ્યો.

એક સદ્ ગુણ વડે ઘણા અવગુણ ઢંકાય ઇંદ્રવિજય છંદ.

કેવડાના મૂળમાં રહે પન્નગ પુષ્પ નથી તેમ ગોળ રૂપાળું;
ઝાંઝું સુંઘ્યા થકી નાસુર થાયછે કેવળ કાંટા તણું એહ જાળું;
તોપણ સર્વને પ્રિય સુગંધીથી ઇચ્છે અતિ સઉ અવગુણ વાળું;
દુરગારામ કહે એક સુકૃત કોટીક દોષ હણે એવું ભાળ્યું.

પૂર્વના પુન્ય વગર સુખ મળે નહી તે વિષે. ઇંદ્રવિજય

પંચાગ્નિ સાધન ને સ્વાદ છોડવા તીરથમાં તેમ સ્નાન ન કીધું;
ચાંદ્રાયણાદિક કષ્ટ કર્યું નહી સુપાત્રને જોઇ દાન ન દીધું;
યજ્ઞને ધર્મશાળા બ્રહ્મ ભોજન તેહ કરી તેનું શ્રેય ન લીધું;
દુરગારામ કહે સુખ ક્યાં થકી પૂરવે પાપ રૂપી ઝેર પીધું.

ઉંચાના આશ્રયથી ઉંચી પદવી પામે તે વિશે ઇંદ્રવિજય છંદ.

વિદ્યાવનો અને નીચ હશે પણ ઉંચનો જો કદી આશ્રય થાશે;
તે થકી તે મન વાંચ્છિત પામશે જકતમાં તેહના ગુણ ગવાશે;
પુષ્પના સંગ થકી પીપીલીકાઓ શંકરના શીર ઉપર ભાસે;
દુરગારામ કહે છીપમાં પડે વારીનું મોતી બનીને વેચાશે.

એક વગર એક શોભે નહિ તે વિશે. ઈંદ્રવિજય છંદ.

જાચવું દાતા વિના નથી શોભતું કંઠ વિના રાગ રાગણી ગાવું;
પંડિત જ્ઞાન વિના નથી શોભતો પ્રેમ વિના પારકે ઘેર જાવું;
દ્રવ્યને પત્નિ વિના જ્ઞાતિમાં રે'વું જોર જથા વિના જેહ રીસાવું;
દુરગારામ કહે નથી શોભતું પુન્યને અર્થ વિનાનું કમાવું.

કયે ઠેકાણે રહેવું નહિ તે વિશે ઇંદ્રવિજય છંદ.

સહૃઅસ્ત તે હોય નાસ્તિક લોભીયા બ્રાહ્મણ મૂરખને અનાચારી;
સંત હશે વ્યસનીને વ્યભિચારી વૈદ દયા વનોને ગર્વ ધારી;
રાજા અધર્મિને હોય જો લાંચરો ન્હાવા ધોવાની ખુબી નહી સારી;
દુરગારામ કહે તે જગોવિષે રે'વું નહી એક રાત વિચારી.

કેટલા દોષથી બુદ્ધિ બગડે તે વિશે. ઇંદ્રવિજય છંદ.

ગોસાંઇને ઘેર અંન ખવાયને રજસ્વળા કેરો સંગ જો થાશે;
કામી કુસંગીની પ્રીતિ થશે વળી જીવ હણાય તે સ્થાને જવાશે;
ડુંગળી દારૂ અને દેડ જીરનો લસણ ગાજર જ્યારે ખવાશે;
દુર્ગો કે' એટલા દોષ વડે કરી જ્ઞાન ઘટે વિભુ વેગળા થાશે.

કેટલા દોષથી દળદર આવે તે વિશે ઇંદ્રવિજય.

નાપિકને ઘેર ક્ષૌર કરાવશે દાંત વડે નખ કાપી ઉતારે;
પે'રેલું વસ્ત્ર ધોયા વિના પે'રશે ઉપવિતને કદી કંઠમાં ધારે;
ઓરસીયા થકી ચંદન ચર્ચશે છાંયો જુવે અને નયણાં વિદારે;
દુર્ગો કે' એટલા દોષ વડે કરી ઇંદ્ર હશે તોય સર્વસ હારે.

શુદ્ર વિદ્યા ભણે તોય બ્રાહ્મણને જોરે ન આવે ઇંદ્રવિજય છંદ.

મૂરખ મેનામાં બેશી ફરે તોય પંડિતથી અતિ તુચ્છ પ્રમાણો;
કાગડો પર્વત માથે ચઢે કદી તો પણ હંસ ગણાય ન શાણો;
શંખણી શણગાર સોળે સજે તેથી સાધવી તુલ્ય ન તેને વખાણો;
દુરગારામ કહે તેમ શુદ્રને વિદ્યા ભણે વિપ્ર જેવો ન જાણો.

ચાૈદ રત્ન વિશે ઇંદ્રવિજય છંદ.

કમળા કૌસ્તુભ ને પારીજાતક ધન્વંતરી વૈદને હીમ કારી;
ઐરાવત ગજ સાત મુખો અશ્વ કામધેનુ ગાય રંભાજ નારી;
શારંગ ચાપ સુધા શંખ અંબુજ મદને ઝેર હળાહળ ભારી;
દુરગારામ કહે રત્ન એટલાં સિંધુ વલોવ્યે જડયાં સુખકારી.

બત્રીશ લક્ષણ વિષે ભુજંગીછંદ.

વિદ્યા આવડે ને વપુ હોય સારી,
કરે વાત તેમાં રીઝે લોક ભારી;
વળી શુધ્ધ વે'વારને બુધ્ધિ ઝાઝી,
શીખે નૃત્યને રાગથી કરશી રાજી. ૧
કવિતા સમો નાદને ન્યાય જાણે,
વિનયને વિવેક ઘણો પ્રેમ આણે;
ધરે લાજ શૂરાપણું શરમાવે,
કરે કામ સારાં જપે મંત્ર ભાવે.
પ્રભુતા બતાવે થશે શાંત તેવો,
પે'રી જાણશે સર્વ પોશાક કે'વો;
ધરે ધૈર્યને ધૂતવું આવડે છે,
કળાએ કરી મંનની વાત લે છે. ૩
અમલ કેળવે ને વદે વેણુ પ્યારૂં,
કરે મલ્લ સાથે વળી યુધ્ધ સારૂં;
સાધે જોગને કુળની લાજ પાળે,
લખે ને ઉકેલે ખરૂં ખોટું ન્યાળે. ૪
ખરો ખેલ નટનો નથી તે અજાણ્યો,
એવો પુર્ષને દેવ જેવો પ્રમાણ્યો;
લખ્યાં લક્ષણો બત્રીશે એહ ભારી,

લખે દુરગો શીખતાં પ્રેમ ધારી.

બોતેર કળા વિશે. ભુજંગી છંદ.

છબી પાડે ને સર્વ પોશાક પેરે,
બાંધે પાઘડી પારખી પેઠે હેરે;
રસોઈ આવડે ઠામ જોઈ જમે છે,
બોલે બોલ રસાળુ ઘટે તેવું કે'છે. ૧
હિંમતથી હઠાવે કરે સ્નાન સારૂ,
ભરે બાટલોને જીતે હોડ વારૂ;
જગા જોઇ બેસે સુવે સાવચેતે,
ત્વરાથી જઇ દૂરની વસ્તુ લે તે. ૨
ધરે સોળ શણગાર ને દીઠું કરશે,
ઘણી લાજને લોકનું દુઃખ હરશે;
ગણીતને હીસાબો ગણી અંક કે'શે,
લખે વાંચે ને રીઝવે જ્ઞાન દેશે. ૩
કૃષી કર્મને સત્ય વેપાર સારો,
અતિ સ્વર ને રાગ ગાશેજ પ્યારો;
ચઢે વૃક્ષ માથે તોળે ન્યાય સારો,
તાકી તીર મારે તરે નીર તારો. ૪
આજ્ઞા પાળશે અશ્વને ફેરવે છે,
પરીક્ષા કરે દ્રવ્યથી ભાત લેછે;
અમલ કેળવે વૈદ વિધાજ સારી,
કરે મિત્રતા તર્ક બાંધે વિચારી. ૫
પ્રપંચે કરી છેતરે દંડ દેશે,
પશુ પાળશે ચોરશે વસ્તુ લેશે;
આરાધન અને મંત્ર આસન વાળે,

પૂજે દેવને જંત્ર જાદુજ નાગે ૬
હરે ચિત્તને ચેતશે ચિત્ત માંહી,
જરી દર્શને દાન દેશેજ ત્યાંહી;
વળી માન અપમાનની રીત જાણે,
મારે ચોટને ભાનુની સંગ માણે. ૭
તજે ને સજે વાત અદ્ભૂત ભાખે,
ગ્રહે ને લહે સંગ્રહી સર્વ રાખે;
તોડે ને સાંધે સર્વ વાજાં બજાવે,
જોડે છંદને જાચીને વસ્તુ લાવે. ૮
સમો સાધવે છીદ્રને છાનું રાખે,
તિલક પર્ખનું પૂજનાં આંટી નાંખે;
દુરગારામ કે' શ્રીહરીનેજ સેવી,
કળા એક બોતેર તે શીખી લેવી. ૯

સ્થાનકનો મેળ નહી તે વિશે. મનહર છંદ.

મહીશીના સ્તનમાંથી દૂધ જેવી વસ્તુ મળે,
નાગના મુસ્તક વિષે મણી તો શોભાય છે;
છીપના ઉદરમાંથી મોંઘા મૂલું પાકે મોતી,
કુરંગની નાભીમાંથી કસ્તુરી પમાય છે;
ગાયના કપાળમાંથી ગોરૂગંધ પેદા થાય,
શૈલનો શેવાળ એ તો પ્રવાળ કે'વાય છે;
માટે કવિ કહે શુદ્ધ સ્થાનકનો મેળ નહીં,
ગજેંદ્રને કેસરી તો વન માંહી થાય છે.

એક એકને વેર છે તે વિશે. છપ્પો.

રવી રાહુને વેર વેર વૈષ્ણવને વામી,
કુલટા સતીને વેર વેર સેવકને સ્વામી;

હિંદુ યવનને વેર વેર કયરપીને દાતા,
ગરૂડ સાપને વેર વેર મુરખને જ્ઞાતા;
એક એકને એમ વેરછે આર ઝેર સૌમાં કળી,
પણ દુરગો કે' વીપ્રને વીપ્ર વેરથી હદ વળી

છપ્પો. ૨

શ્વાન મીઢકને વેર વેર પાપી પુન્યશાળી,
ભાટ ઘડવીને વેર વેર વ્યંજનને પાળી;
ચંદ્ર ચોરને વેર વેર ત્યાગીને ભોગી,
સાચ જુડને વેર વેર ધરમીને ઢોંગી;
એક એકનાં એ વેરવી વીશ્વમાંય છે તે ખરૂં,
પણ દુરગો કે' નારીને નારીનું વેર આકરૂં.

પ્રસ્તાવિક મનહર છંદ.

કોઇનું લેવાને ધન્ન તાકે તારા મન્ન વીશે,
તેવું તારૂં લેવા માટે બીજો પ્રાંણી ચ્હાય છે;
તુજને મારતાં જેવી પીડા પીંડ માંહી થાય,
તેવી રીતે તું મારે તો તેને કષ્ટ થાય છે;
તારૂ માન પડ્યા થકી તુજને ઉપજે શોક,
તેની પેઠે સામાને તો મરણુ મનાય છે;
દુરગાશંકર કહે માટે સૌનું સારૂ ઇચ્છ,
ખોટું ઇચ્છા થકી ખોટું પોતેજ પમાય છે. ૧

પ્રસ્તાવિક છપ્પો.

શત્રુ સાથે શૂર દૂર દુરજનથી રે'વું;
કરવો નહી વળી ક્રોધ હોય જ્યારે શીર દેવું;
મૂરખ જનની પ્રીત નિત્ય તૃષ્ણા પરહરવી;

સ્ત્રીને મોહે સત્ય વાત કદીએ નવ કરવી;
હોડ કરી કોઇ દીન વળી જૂગટું તો નવ ખેલીએ
દાખે દુરગારામ નામ શ્રી કૃષ્ણ તણું નવ મેલીએ

ગ્રંથ સમાપ્તી.

કવિના ઓળખાણ વિશે. મનહર છંદ.

સમુદ્રના કાંઠા વિષે સુંદર ખંભાત શેહેર,
ગવારાને ચૌટે પોળ દેવની પ્રખ્યાતછે;
તેમાં વસવાનો ઠામ જ્ઞાતિ નવા શ્રીગોડની,
જાતે વિપ્ર યજુર્વેદી વિદ્યાથી વિખ્યાત છે;
ગોત્ર ભારદ્વાજ કાવે શાખા માધ્યંધીની, શ્રેષ્ઠ,
ગુરૂ પર્મ હંસ શ્રેષ્ઠ શંકર સાક્ષાત છે;
માતા રૂક્ષમણી કહાવે પિતા તો આદિત્યરામ,
દુરગાશંકર બ્રહ્મ ભજે રળીઆત છે. ૧

વાવને કૂવા કરાવી ભલે નામ કરો પણ,
પડી ગયા પછી તેનું નામ નાશ થાય છે;
જમીન રાખીને ઝાઝી વતન કરો વિશેષ,
તથાપિ મુવા પછીથી બીજાની કે'વાય છે;
ગામને જમાડી ઘણા મંનમાં મગન થાઓ,
ઝાઝે દિવસે જમેલું લોક ભૂલી જાય છે;
દુરગાશંકર કહે-અચળ કવિની વાણી,
જ્યાં સુધી આ સૃષ્ટિ રહે ત્યાં સુધી ગવાય છે. ૨

સમાપ્ત.

દોહરો.

પેટલાદ પગણાની મહી, નાર નગ્ર સુભ ઠામ;
ત્યાં કવિ શ્રીગોડ માળવી, પાઠક દુર્ગારામ.

